RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 240 Dt. 26-03-2026 Page : 08 Price : Rs 3








Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA



Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


## યુદ્ધનો અંત લાવવા ટ્રમ્પની ૧૫ શરતો

### એક મહિનાનો યુદ્ધવિરામ, પરમાણુ હથિયાર નહીં, હોર્મુઝ સ્ટ્રેટ ખોલાવો સહિતના ટ્રમ્પના પ્રસ્તાવ, ઈરાની પણ કઠીન શરતો : કટોકટીનો ઉકેલ આવશે ?

નવી દિલ્હી, તા.૨૫

યુએસએ ઈરાનને સંઘર્ષનો અંત લાવવા માટે ૧૫-મુદ્દાની યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં તેના પરમાણુ કાર્યક્રમ પર નિયંત્રણો અને હોર્મુઝ સ્ટ્રેટને ફરી ખોલવાનો સમાવેશ થાય છે, અને સાથે જ એક મહિનાના યુદ્ધવિરામનો પણ સમાવેશ થાય છે. પરંતુ, તેહરાન અગાઉના શાંતિ કરારોનું પાલન કરવામાં અનિચ્છાને કારણે આવી શરતો સ્વીકારી શકશે નહીં.

આજે બુધવાર, ૨૫ માર્ચે ઈરાન યુદ્ધનો ૨૬મો દિવસ છે. યુએસ પ્રમુખ ટ્રમ્પના નિવેદનો વારંવાર બદલાઈ રહ્યા છે. ટ્રમ્પે હવે ઈરાનને ૧૫-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઈરાને પણ કડક શરતો લાદી છે. એવું લાગે છે કે બંને પક્ષો એકબીજાની શરતો સ્વીકારશે નહી.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મક્કમ રીતે કહે છે કે ઈરાન સાથે ''અર્થપૂર્ણ'' વાટાઘાટો થઈ છે. આ દાવામાં સૌથી મોટી સમસ્યા એ છે કે ટોચના ઈરાની અધિકારીઓએ વારંવાર તેનો ઈનકાર કર્યો છે. હવે, તેઓએ નવી શરતો પણ મૂકી છે. યુદ્ધ ચાલુ હોવાથી અને બધી બાજુઓ દ્વારા પ્રચાર ફેલાવવામાં આવી રહ્યો હોવાથી, કોના પર વિશ્વાસ કરવો તે નક્કી કરવું મુશ્કેલ છે.

**ટ્રમ્પનો ૧૫-મુદ્દાનો પ્રસ્તાવ**





ટ્રમ્પ વહીવટીતંત્રે ઈરાનને ૧૫-મુદ્દાનો યુદ્ધવિરામ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવ પાકિસ્તાની મધ્યસ્થીઓ દ્વારા તેહરાન મોકલવામાં આવ્યો હતો, જેમણે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે વાટાઘાટોનું આયોજન કરવાની પણ ઓફર કરી હતી. ન્યૂ યોર્ક ટાઈમ્સે અગાઉ અહેવાલ આપ્યો હતો કે આ યોજના ઈરાની અધિકારીઓને સોંપવામાં આવી છે.

ટ્રમ્પના પ્રસ્તાવોમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર કડક પ્રતિબંધો, પ્રોક્સી જૂથોને ટેકો આપવાનો અંત અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો સમાવેશ થાય છે. તે ઈરાનને તેના મિસાઈલ કાર્યક્રમને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે પણ કહે છે. અમેરિકા એક મહિનાના યુદ્ધવિરામ પર પણ આગ્રહ રાખી રહ્યું છે. જો કે, આ માંગણીઓની વ્યાપક પ્રકૃતિ અને આવા પ્રસ્તાવો સામે ઈરાનના સતત પ્રતિકારને જોતાં, તેહરાન તેના વર્તમાન સ્વરૂપમાં આ યોજનાને સ્વીકારે તેવી શક્યતા ઓછી છે.

આ શરતો સ્વીકારવાના બદલામાં, અમેરિકા પ્રતિબંધોને આંશિક રીતે હળવા કરશે, ઈરાનની બહાર સ્થિત ઈંધણ સુવિધાઓ સાથે યુએન દેખરેખ હેઠળ નાગરિક પરમાણુ કાર્યક્રમને મંજૂરી આપશે અને તેહરાનના અર્થતંત્રને પુનર્જીવિત કરવામાં મદદ કરવા માટે આર્થિક સહયોગ વિકલ્પો પર વિચાર કરશે.

**ઈરાને યુદ્ધવિરામ માટે કઠિન શરતો મૂકી**

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, ઈરાની પ્રતિનિધિઓએ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને સંકેત આપ્યો છે કે યુદ્ધવિરામ વાટાઘાટો માટે મોટી છૂટછાટોની જરૂર પડશે. તેમણે ગલ્ફ દેશોમાં યુએસ બેઝ બંધ કરવા, ઈરાનને વળતર આપવા, તમામ પ્રતિબંધો હટાવવા અને પ્રતિબંધો વિના તેના મિસાઈલ કાર્યક્રમને ચાલુ રાખવાની પરવાનગીની માંગ કરી છે. તેમણે વાટાઘાટોમાં ફક્ત યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ ભાગ લે તેવી પણ માંગ કરી છે.

**અમેરિકા આપણી સાથે નહીં, પણ પોતાની સાથે વાટાઘાટો કરી રહ્યું છેઃ ઈરાની પ્રવક્તા**

ઈરાને યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરવાના યુએસ પ્રયાસોની ખુલ્લેઆમ મજાક ઉડાવી છે અને વોશિંગ્ટન દ્વારા પ્રસ્તાવિત ૧૫-મુદ્દાની યોજના અંગે શંકા વ્યક્ત કરી છે. ઈરાનના ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરના લેફ્ટનન્ટ કર્નલ ઈબ્રાહિમ ઝુલ્ફકારીએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને ફગાવી દીધો કે વાટાઘાટો ચાલી રહી છે, અને કહ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સ ''પોતાની સાથે વાટાઘાટો કરી રહ્યું છે''. એક ટેલિવિઝન નિવેદનમાં, ઝુલ્ફકારીએ તેહરાનના અડગ વલણને જાહેર કર્યું કે ઈરાન વોશિંગ્ટન સાથે ''હવે કે ક્યારેય'' કોઈ સોદો કરશે નહીં. પાકિસ્તાની મધ્યસ્થીઓ દ્વારા મોકલવામાં આવેલા આ પ્રસ્તાવનો હજુ સુધી ઈરાન તરફથી ઔપચારિક જવાબ મળ્યો નથી, જેમણે વાટાઘાટોનું આયોજન કરવાની ઓફર કરી હતી, પરંતુ હજુ સુધી ઈરાન તરફથી કોઈ ઔપચારિક જવાબ મળ્યો નથી.

ઈરાની પ્રવક્તાના નિવેદનમાં વોશિંગ્ટન પર આરોપ મૂકવામાં આવ્યો છે કે તે ''વ્યૂહાત્મક હાર'' ને રાજદ્વારી સફળતા તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ઈરાન મીડિયા અહેવાલોથી ગેરમાર્ગે દોરાશે નહીં. તેણે ચેતવણી પણ આપી હતી કે પ્રાદેશિક સ્થિરતા ઈરાનના સશસ્ત્ર દળોની તાકાત પર આધાર રાખે છે, અને જણાવ્યું હતું કે જ્યાં સુધી આ વાસ્તવિકતા સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી તેલ બજારો અસ્થિર રહેશે. પ્રવક્તાએ કહ્યું કે ઈરાની સૈન્ય અમેરિકા કે ઈઝરાયલ સાથે કોઈ કરાર કરશે નહીં, અને જણાવ્યું હતું કે આ વલણ કોઈપણ સંજોગોમાં બદલાશે નહીં.

બંને બાજુ વાર્તા રજૂ કરવામાં આવી રહી છે. ઈરાની વિશ્લેષકો કહે છે કે ટ્રમ્પ આવા નિવેદનો આપીને ફક્ત સમય કાઢી રહ્યા છે, અને તે દરમિયાન, મધ્ય પૂર્વમાં યુએસ સૈનિકો તૈનાત કરવામાં આવી રહ્યા છે. તેથી, વાટાઘાટોની આડમાં સમય પસાર થઈ રહ્યો છે. એવું લાગે છે કે ટ્રમ્પે ૨૮ ફેબ્રુઆરીએ નેતન્યાહૂ સાથે શરૂ કરેલા સંઘર્ષના પરિણામોને ઓછો અંદાજ કાઢ્યો હતો. અમેરિકાને એ પણ ખ્યાલ ન હતો કે ઈરાની રાજ્ય થાક્યા વિના પોતાની સામેના હુમલાઓનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. ટ્રમ્પે ગયા અઠવાડિયે કહ્યું હતું કે, ઈરાને મધ્ય પૂર્વના બીજા બધા દેશો પર હુમલો કરવાની જરૂર ન હતી... કોઈને આની અપેક્ષા ન હતી. મોટામાં મોટા નિષ્ણાતો પણ આ વાત માનતા ન હતા. જોકે ટ્રમ્પને યુએસ ગુપ્તચર અધિકારીઓ દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવી હતી કે યુદ્ધ કરવું એ યોગ્ય વિચાર નથી, પરંતુ વાસ્તવિકતાએ હવે ટ્રમ્પને તે પરિણામોથી વાકેફ કર્યા છે જેને તેમણે અગાઉ અવગણ્યા હતા. જ્યારે કેટલાક સાથીઓ અને સમર્થકો હજુ પણ તેમને સંઘર્ષ ચાલુ રાખવા માટે આગ્રહ કરી શકે છે, પણ ટ્રમ્પે અગાઉ મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળવા માટે સમાધાન કરવાની તૈયારી દર્શાવી છે. તેથી, એવું માનવું ગેરવાજબી નથી કે આ કિસ્સામાં પણ આવું કરવાથી તેમના માટે ફાયદાકારક થઈ શકે છે.

## નાના શહેરોની મોટી 'ઉડાન'

### સરકારે ૧૦૦ નવા એરપોર્ટ અને ૨૦૦ હેલિપેડ માટે તિજોરી ખોલી : ૨૮,૮૪૦ કરોડ મંજૂર

નવીદિલ્હી, તા. ૨૬

ભારત સરકારે દેશના ઉડ્ડયન માળખા, ઈમિગ્રેશન સિસ્ટમ અને વૈશ્વિક આબોહવા પ્રતિબદ્ધતાઓને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. કેન્દ્રીય મંત્રીમંડળે કુલ ૩૦,૬૪૦ કરોડના પ્રોજેક્ટ્સ અને નીતિગત નિર્ણયોને મંજૂરી આપી છે. આ મુખ્ય નિર્ણયોમાં નવી ઞઉઅગ યોજના અને પ્રાદેશિક હવાઈ ટ્રાફિકને પ્રોત્સાહન આપવા માટે 'IVFRT 3.0' નું વિસ્તરણ તેમજ પેરિસ કરાર હેઠળ ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન (NDC) સંબંધિત એક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયનો સમાવેશ થાય છે. ઉડ્ડયન માળખાના વિસ્તરણ માટે મંત્રીમંડળની બેઠકમાં સૌથી મોટી નાણાકીય ફાળવણી કરવામાં આવી હતી. ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં હવાઈ



જોડાણને વધુ સુધારવા માટે, સરકારે 'નવી ઉડાન યોજના' માટે ₹૨૮,૮૪૦ કરોડના મોટા ભંડોળને મંજૂરી આપી છે. આ યોજના દેશભરમાં ૧૦૦ નવા એરપોર્ટ અને ૨૦૦ હેલિપેડ વિકસાવવાની યોજના સાથે પ્રાદેશિક હવાઈ જોડાણને મોટો વેગ આપશે. કેબિનેટે ભારતમાં પ્રવેશતા વિદેશીઓ માટે વિઝા અને નોંધણીની સમગ્ર પ્રક્રિયાને આધુનિક અને સરળ બનાવવાનો પણ મોટો નિર્ણય લીધો છે. સરકારે ₹૧,૮૦૦ કરોડના બજેટ સાથે આગામી પાંચ વર્ષ માટે, ૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૩૧ માર્ચ, ૨૦૩૧ સુધી ઈમિગ્રેશન, વિઝા, વિદેશી નોંધણી અને ટ્રેકિંગ (IVFRT 3.0) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે. જનતા અને પ્રવાસીઓ બંનેના દ્રષ્ટિકોણથી, આનો અર્થ એ છે કે ઈમિગ્રેશન અને વિઝા સેવાઓ હવે એક ઉચ્ચ-ટેક અને સુરક્ષિત નેટવર્કમાં સંપૂર્ણપણે સંકલિત થશે, જે વાસ્તવિક વિદેશી પ્રવાસીઓ માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરશે અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવશે.

નાણાકીય મંજૂરીઓ ઉપરાંત, મંત્રીમંડળે વૈશ્વિક પર્યાવરણ સંબંધિત એક મુખ્ય નીતિગત નિર્ણય પણ લીધો. સરકારે પેરિસ કરાર હેઠળ ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાનને ઔપચારિક રીતે મંજૂરી આપી. આ નિર્ણય વૈશ્વિક મંચ પર ભારતની કાર્બન ઘટાડાની પ્રતિબદ્ધતાઓને સ્પષ્ટ કરે છે અને ગ્રીન એનર્જી અને ટકાઉ વિકાસ સંબંધિત ભવિષ્યની કોર્પોરેટ વ્યૂહરચના માટે નવી દિશા પ્રદાન કરશે.

## વંદે ભારત ટ્રેનમાં ખરાબ ભોજન ! કંપનીને ફટકારાયો ૫૦ લાખનો દંડ



IRCTCને પણ ૧૦ લાખની પેનલ્ટી ફટકારાઈ

નવી દિલ્હી, તા.૨૫

ભારતીય રેલવે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં ભોજનની ગુણવત્તા મામલે મોટી કાર્યવાહી કરી છે. રેલવેએ પોતાની જ કંપની ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)ને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. પટણાથી ટાટાનગર જતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં ભોજનની ગુણવત્તા મામલે ફરિયાદ મળ્યા બાદ આ કાર્યવાહી કરાઈ છે.

મળતા અહેવાલો મુજબ, ૧૫ માર્ચ-૨૦૨૬ના રોજ પટણાથી ટાટાનગર જતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નંબર-૨૧૮૯૬ના એક મુસાફરે ભોજનની ગુણવત્તા મુદ્દે ફરિયાદ નોંધાવી હતી, જેને રેલવેએ ગંભીરતાથી લીધી છે અને તપાસ કર્યા બાદ કાર્યવાહી કરી છે. રેલવેએ IRCTCને ૧૦ લાખ દંડ અને સંબંધિત સર્વિસ પ્રોવાઈડર પર ૫૦ લાખનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત તે કંપનીનો કોન્ટ્રાક્ટ પણ સમાપ્ત કરી દેવાનો આદેશ અપાયો છે.

રેલવેના પ્રવક્તાએ કહ્યું કે, મુસાફરોની સુરક્ષા અને તેમને મળતી સેવાઓની ગુણવત્તા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. કોઈપણ પ્રકારની બેદરકારી કે નિયમોનું ઉલ્લંઘન સાંખી લેવાશે નહીં. ભારતીય રેલવે પોતાના વિશાળ નેટવર્કમાં દરરોજ લાખો મુસાફરોને સેવાઓ પુરી પાડે છે. IRCTC દ્વારા દૈનિક ૧૫ લાખથી વધુ મુસાફરોને ભોજન સુવિધા પુરી પડાય છે. આ સેવા વિશ્વની સૌથી મોટી ઑનબોર્ડ ફૂડ ઓપરેશનોમાંથી એક માનવામાં આવે છે.

## અશાંતધારામાં સુધારા સૂચવતું વિધેયક પસાર



### અશાંત વિસ્તાર હવેથી નિર્દિષ્ટ વિસ્તાર તરીકે ઓળખાશે મિલકતના રક્ષણ માટે કલેક્ટરને 'સુઓ મોટો'ની સત્તા :: મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડા

નવી દિલ્હી, તા.૨૫

રાજ્યમાં અશાંતધારા અધિનિયમ હેઠળ સ્થાવર મિલકતની તબદીલી બાબતે અત્યંત અસરકારક સુધારા સૂચવતું સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું. આમ, હવેથી અશાંત વિસ્તાર નિર્દિષ્ટ વિસ્તાર તરીકે ઓળખાશે.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત(સુધારા) વિધેયક-૨૦૨૬ રજૂ કરતી વખતે મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું કે, આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ નિર્દિષ્ટ વિસ્તારોમાં મિલકતોનું અનૈચ્છિક સ્થળાંતર રોકવાનો અને કાયદેસરના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો છે.

આ વિધેયકના મુખ્ય સુધારાઓ અને જોગવાઈઓ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે સરકાર દ્વારા આ કાયદાને વધુ મજબૂત બનાવવા માટે નીચે મુજબના મહત્વના સુધારા અમલમાં મૂકવામાં આવ્યા છેઃ

હવે નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી કોઈ પણ વ્યક્તિ પોતાના હિતોના રક્ષણ માટે કલેક્ટર સમક્ષ રજૂઆત કરી શકશે. જાહેર વ્યવસ્થાનું રક્ષણઃ જે વિસ્તારમાં જાહેર વ્યવસ્થાનો ભંગ થવાની સંભાવના હોય, તેવા વિસ્તારને પણ કાયદાની જોગવાઈઓ અનુસાર 'નિર્દિષ્ટ વિસ્તાર' જાહેર કરી શકાશે. કલેક્ટરની સત્તામાં વધારોઃ મિલકતના રક્ષણ માટે કલેક્ટર 'સુઓ મોટો' (સ્વતઃ સંજ્ઞાન) અથવા કોઈપણ નારાજ વ્યક્તિની અરજી પર તપાસ કરી શકશે. જો મિલકતની તબદીલી વાંધાજનક જણાશે, તો કલેક્ટર તે મિલકત પોતાના કબજામાં લઈ શકશે.

નાણાકીય સહાયની સુવિધાઃ લોકોની આર્થિક હાડમારી દૂર કરવા માટે નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે, જે મુજબ નિર્દિષ્ટ વિસ્તારની વ્યક્તિ પોતાની મિલકત નાણાકીય સંસ્થાઓમાં ગિરો મૂકીને લોન કે સહાય મેળવી શકશે. તપાસ અને સલાહકાર સમિતિઃ નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરવા બાબતે વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે ખાસ તપાસ ટીમ અને દેખરેખ તથા સલાહકાર સમિતિની ભૂમિકાને વધુ અસરકારક બનાવવામાં આવી છે.

આ સુધારા દ્વારા રાજ્ય સરકાર નિર્દિષ્ટ વિસ્તારોમાં મિલકતધારકોના અધિકારોનું રક્ષણ કરી, સામાજિક સદભાવ જાળવી રાખવા માટે કટિબદ્ધ છે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવ ભય દારૂણમ્, નવ કંજ લોચન, કંજ મુખ કર, કંજ પદ કંજારૂણમ્

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ઉજવાશે રામનવમી

## કપિલા હનુમાનજી ચૈતન્યધામના આંગણે શુક્રવારના સવારે રામધુન-રામ સ્તુતિ, બપોરના બાર વાગે રામ જન્મોત્સવ ઉજવાશેઃ વિહિપ-રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે રથયાત્રાનું આયોજનઃ રામ મંદિરોને સુશોભન અને રોશનીના શણગાર, મંદિરોમાં થશે પંજરી પ્રસાદનું વિતરણઃ રાજકોટ બનશે રામમય

રાજકોટ તા.૨૫

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવ ભય દારૂણમ, નવ કંજ લોચન, કંજ મુખ કર કંજ પદ કંજારૂણમના દિવ્ય ધ્વનિ સાથે રાજકોટમાં આજે ભગવાન શ્રી રામચંદ્રનો જન્મોત્સવ ઉજવાશે. રાજકોટમાં રામ જન્મ વધામણા નિમિત્તે મંદિરોમાં વિવિધ ધાર્મિક આયોજનો થયા છે.

રાજકોટમાં મનહરપ્લોટ, સદગુરૂ આશ્રમ, કરણપરા, કોઠારીયા ગામ, ગુંદાવાડી સહિતના વિસ્તારોમાં આવેલા રામ મંદિરોમાં રામ જન્મોત્સવ તથા મહાઆરતી, મહાપ્રસાદના આયોજનો થયા છે.સદગુરૂ આશ્રમમાં તા.૨૭ મીના ભગવાન રામચંદ્રજીનો જન્મોત્સવ ઉજવાશે તથા બપોરના સદગુરૂ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આજી નદીના કાંઠે, ભીચરી નાકા બહાર આવેલ કપિલા હનુમાનજી ચૈતન્ય ધામના આંગણે શુક્રવારના રામનવમીની ઉજવણી કરાશે. કાર્યક્રમની વિગતો અનુસાર સવારે ૧૦-૩૦ કલાકે રામધુન-શ્રીરામ સ્તુતિ, બપોરના ૧૨ વાગે શ્રી રામ જન્મોત્સવ પ્રાગટય દિવસની ઉજવણી ઢોલ-નગારાના તાલ સાથે ઉજવાશે. મહાઆરતી કરાશે. બપોરના ૧૨-૩૦ કલાકે બાળકોને ફરાળી મહાપ્રસાદ અને રાત્રે નવ વાગે સત્યનારાયણ ભગવાનની દિવ્ય કથા રાખવામાં આવી છે.



કાલાવડ રોડ પર પ્રેમભિક્ષુજી માર્ગ પર આવેલ હરિનામ સંકીર્તન મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૭મીના શુક્રવારે રામનવમી જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. કાર્યક્રમની વિગત અનુસાર સવારે ૫-૩૦ કલાકે સંકીર્તન મંદિરેથી પ્રભાતફેરી નીકળશે ત્યારબાદ બપોરના ૧૨ વાગે શ્રી રામનવમી જન્મોત્સવ-ઉત્સવ આરતી સાથે ધામધુમથી ઉજવવામાં આવશે. સર્વે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે સવારે ૮ વાગે ધર્મસભા ત્યારબાદ નાણાવટી ચોકથી ધર્મયાત્રાનો પ્રારંભ થશે.

મર્યાદા પુરુષોત્તમ રામ યુગો-યુગોથી આપણી ચેતનાના આધાર રહ્યાં છે. આવા રામના આદર્શ ચરિત્રને સૌથી પહેલા આદિ કવિ મહર્ષિ વાલ્મીકિએ જ રામાયણના રૂપમાં સૌની સામે પ્રસ્તુત કર્યું. રામ કથાનું મૂળ વાલ્મીકિ રામાયણને જ માનવામાં આવે છે. રામમાં એવા કયા ગુણો હતા? તેમણે પોતાના જીવનમાં કયા આદર્શો રજૂ કર્યા? આ વિવેચના યુગોથી ચાલી આવે છે...

રામ પોતાના જન્મથી જ જન-જનમાં લોકપ્રિય થઈ ગયા. તેમનાં પિતા દશરથના રાજ્યમાં સચ્ચરિત્રતા અને સમૃદ્ધિ એવી હતી કે તે રાજ્યનો રાજા મનુષ્ય નહીં, દેવતા લાગે છે. મહારાજ દશરથ પોતે જનપ્રિય છે. તેમણે જે ધર્મબળથી રામને પ્રાપ્ત કર્યા છે, તે ધર્મના અનુષ્ઠાનમાં લગભગ પ્રજાનો દરેક વર્ગ સામેલ થયો હતો. તેથી રામ માત્ર દશરથના જ નહીં, પરંતુ સૌના પુણ્યનું ફળ છે.

પ્રજા પોતાના રાજાને શાસક તરીકે ઓછી અને રક્ષક તરીકે વધુ જોવા માંગે છે. આ વિશેષતા રામમાં છે. તેઓ શાસક ઓછા અને રક્ષક વધુ દેખાય છે. રામ ઉન્નત વ્યક્તિત્વ ધરાવતાં અને આજાનબાહુ (જેમના હાથ ઘૂંટણ સુધી પહોંચતા હોય) હતાં. તેઓ નિર્બળના બળ છે.



તેમના વ્યક્તિત્વ અને ચાલમાં જ તેમની અસાધારણ રક્ષણ ક્ષમતા ઝળકે છે. તેમના વ્યવહારમાં પોતાપણું છે, તેથી તેઓ સૌના માટે સહજ છે. કોઈપણ પ્રશ્ન ઊભો થાય તે પહેલા જ રામ તેને સમજી લે છે અને સમસ્યાને સહજતાથી દૂર કરી દે છે - 'પૂર્વભાષી ચ રાઘવઃ'. જનતાના વિષયો તેઓ પોતે ઉઠાવે છે અને જ્યાં સુધી અંતિમ નિર્ણય ન આવે, ત્યાં સુધી પીછેહઠ કરતાં નથી. મહર્ષિ વાલ્મીકિએ લખ્યું છે કે રામ જન-જનના હિતો અને ભાવનાઓની રક્ષા તો કરે જ છે, લોક આદર્શની રક્ષા કરવામાં પણ

તત્પર રહે છે. જનતામાં વિશ્વાસ જાગે, તેથી તેઓ રક્ષક બની રહે છે. તેમનો વિશ્વાસ ન તૂટે, તેથી વ્યક્તિગત પીડા સહન કરીને પણ લોક હિત, લોકભાવના અને લોક આદર્શની રક્ષામાં સમાધાન કરતા નથી. જ્યારે દશરથે રામના ઉત્તરાધિકારની ઘોષણા કરી અને જનપ્રતિનિધિઓની સંમતિ માંગી, ત્યારે એક પણ મત રામની વિરુદ્ધ નહોતો.

સૌએ રામને રાજા તરીકે જોવાની ઈચ્છા વ્યક્ત કરી. આ રીતે રાજતંત્ર અને લોકતંત્ર, બંને પ્રણાલીથી રામ રાજ્ય કરવા યોગ્ય હતા, પરંતુ રામે ન તો રાજાના મતને માન્યો, ન જનતાના બહુમતને. તેમણે વનવાસ સ્વીકાર્યો. તેમણે ધર્મ અને સત્યના આદર્શની રક્ષા માટે રાજ સુખ અને પરિવાર સુખનો ત્યાગ કર્યો. આ જ ગુણ સીતા અને લક્ષ્મણના ત્યાગમાં પણ દેખાય છે. ભ્રાતૃ ધર્મ, પતિ ધર્મ જેવા વ્યક્તિગત ધર્મ અને રાજ ધર્મ વચ્ચે દ્વંદ્વ થવા પર રામે રાજ ધર્મનું પાલન એક તપસ્વીની જેમ કર્યું. રામ શાસન નથી કરતાં, તેઓ લોક આરાધના કરે છે. રામના વ્યવહારમાં સર્વત્ર જાતિ નિરપેક્ષતા, વ્યક્તિ નિરપેક્ષતા, અને દેશ-કાળ-અવસ્થા-નિરપેક્ષતા જોવા મળે છે. જો તેઓ કોઈને સાપેક્ષ હોય, તો તે ધર્મ અને ન્યાયને સાપેક્ષ છે. શબરી અને નિષાદ રાજ સાથે રામ જાતિ નિરપેક્ષ થઈને વ્યવહાર કરે છે. રાજ્યવિહીન થયેલા સુગ્રીવ સાથે વ્યક્તિ નિરપેક્ષ થઈને વ્યવહાર કરે છે. સત્ય માટે લક્ષ્મણ અને સીતાને પણ ત્યાગવાની વાત કરે છે.

રામે દેશકાળ નિરપેક્ષ થઈને વિભીષણને અપનાવ્યા. રામમાં એક ખાસ વાત એ છે કે તેઓ કોઈપણ વ્યક્તિને પોતાનાથી અલગ નથી સમજતા. તેમનામાં અલગતાની ભાવના નથી. રામે પરશુરામનો ગર્વ તોડ્યો, તો તેમના જ ચરણોમાં પ્રણામ પણ કર્યા. કૈકેયીના કારણે વન ગયા, તો પણ લક્ષ્મણને મધ્યમ માતા કૈકેયીની નિંદા કરતા રોક્યા. વાલીનો વધ કર્યો, તો મરતા વાલીને પોતાનો કહ્યો. જટાયુ પક્ષી યોનિમાં હોવા છતાં, તેમનો યથોચિત અંતિમ સંસ્કાર કર્યો.

રાવણ-વધ સમયે વિભીષણને કહ્યું, 'રાવણ જેમ તારો ભાઈ છે, તેમ મારો પણ ભાઈ છે.' સીતાનો ત્યાગ કરવા છતાં અશ્વમેધ યજ્ઞમાં તેમની જ પ્રતિમા રાખી.

રામની લીલાનો પ્રારંભ રાક્ષસોના વિનાશ સાથે થાય છે અને તેઓ તેમાં સંપૂર્ણ સફળ પણ થાય છે, પરંતુ રામ રાજસિંહાસન પર બિરાજમાન થતા જ રાક્ષસોના ખલનાયક હોવાનું નેરેટિવ બદલાઈ જાય છે.

વાનરો અસભ્ય હોવાનું નેરેટિવ પણ બદલાઈ જાય છે. તેમના દરબારમાં વિભીષણ અને સુગ્રીવ તેમના સમાન સ્તરના મિત્ર તરીકે દેખાય છે. 'રાક્ષસો ખરાબ હોય છે' - જનમાનસની આ વિચારધારાનું પરિવર્તન રામની સભામાં દેખાય છે. રામ અત્યંત તાર્કિક અને વિવેકશીલ છે. તર્ક આપવામાં તેઓ દેવગુરુ સમાન છે.

પોતાના વન ગમનના રાજ આદેશનું તેઓ વિવેક અને અકાટ્ય તર્કથી સમર્થન કરે છે. ન્યાય અને વિવેકથી જ તેઓ વાલી અને સુગ્રીવ વચ્ચે સુગ્રીવની પસંદગી કરે છે. લોક સ્વભાવનું જ્ઞાન એટલું છે કે કોઈએ કરેલા અપકારને તેઓ સામાન્ય રીતે લે છે અને તેને ભૂલી જાય છે. મંથરાના અપરાધને ભૂલી જાય છે. સીતા પર ખોટા આરોપ લગાવનારના અપરાધને ભૂલી જાય છે. આટલું હોવા છતાં મનુષ્યોના વ્યક્તિગત ચાલ-ચરિત્રને તેઓ સારી રીતે યાદ રાખે છે.

રામનું વ્યક્તિત્વ એટલું ગરિમામય છે કે આજે પણ લોકોની આસ્થા આદર્શ રાજા તરીકે રામને જ ઓળખે છે અને માને છે. આદર્શ રાજ્ય તરીકે 'રામ રાજ્ય' ને જ જુએ છે. આશ્ચર્ય તો એ છે કે જ્યારે રામ આ લોકમાં પોતાની લીલા પૂર્ણ કરીને પોતાના ધામ જવા લાગ્યા, ત્યારે કીડી-મંકોડા સુધીના જીવોને પોતાની સાથે લઈ ગયા. આવા છે તપસ્વી રાજા રામ, જે ક્યારેય કોઈનો સાથ છોડતા નથી.

### આજે રામવનમાં લોકોને મનપા દ્વારા વિનામૂલ્યે પ્રવેશ




આજી ડેમ નજીક આવેલું રામવન આવતીકાલે રામનવમી નિમિત્તે લોકો માટે ફી વગર ખુલ્લુ રહેશે. મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧૫ માં આજી ડેમ પાસે, કિશાન ગૌ શાળા રોડ પર મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવન પ્રસંગોને આવરી લેતું સંપૂર્ણ કુદરતી વાતાવરણ ધરાવતું અર્બન ફોરેસ્ટ રામવન આજી ડેમ પાસે વિકસિત કરી, જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આજે રામનવમી નિમિત્તે અર્બન ફોરેસ્ટ (રામવન)ની મુલાકાત માટે તમામ લોકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. મનપા દ્વારા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનચરિત્રના પ્રસંગોને આલેખતી વિશાળ પ્રતિમાઓ સહિતના આકર્ષણો દર્શાવતું રામવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામના જીવનચરિત્રના પ્રસંગોમાંથી પ્રેરણા મેળવે તેમજ ભગવાન શ્રીરામ પ્રત્યેના ભક્તિભાવથી અવગત કરવાના ઉમદા હેતુથી રામનવમીના દિવસે અબન ફોરેસ્ટ (રામવન)ની મુલાકાત માટે તમામ વય જૂથના મુલાકાતીઓને નિઃશુલ્ક પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ ગાર્ડન ડાયરેકટરે જણાવ્યું છે.

# વિજય સંકલ્પ વિસ્તારક યોજનાનો રાજ્યવ્યાપી પ્રારંભ

**ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા દ્વારા વિસ્તારક ચાલશે તા,૨૯ સુધી**

અમદાવાદ, તા.૨૫

ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ ભાજપા યુવા મોરચા દ્વારા આજે તા. ૨૬ થી ૨૯ માર્ચ દરમ્યાન '' વિજય સંકલ્પ વિસ્તારક યોજના - ૨૦૨૬'' નું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું હોવાનું ગુજરાત ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદ ડો. હેમાંગભાઈ જોશીએ જણાવ્યું હતું.

આ બાબતે વિસ્તૃત માહિતી આપતા ડો. હેમાંગભાઈ જોશીએ કહ્યું હતું કે ભાજપા યુવા મોરચા દ્વારા રાજ્યવ્યાપી સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવા અને યુવાનો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવા માટે આ વિજય સંકલ્પ વિસ્તારક યોજના - ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે.આ યોજના અંતર્ગત યુવા મોરચાના સક્રિય અને પ્રશિક્ષિત કાર્યકર્તાઓ રાજ્યના આશરે ૫૯૦ મંડળોમાં યુવા વિસ્તારક તરીકે જઈને નિર્ધારિત વિસ્તારમાં ૩ દિવસનું રાત્રી રોકાણ કરીને જમીની સ્તર સુધી સંગઠન સાથે જીવંત જોડાણ સ્થાપિત કરશે. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં દરેક વિસ્તારક સ્થાનિક કાર્યકર્તાના નિવાસ સ્થાને રાત્રિ રોકાણ કરીને આ યોજના દરમ્યાન પુર્ણસમય માટે ઘર - ઘર સંપર્ક અને યુવાઓ સાથે અનૌપચારિક ચર્ચા અને સંવાદ પણ કરશે.

વિજય સંકલ્પ વિસ્તારક યોજના - ૨૦૨૬ ના માધ્યમથી યુવા મોરચાના સંગઠનને બુથ અને શકિતકેન્દ્ર સ્તરે સશક્ત કરી યુવા મતદાતાઓને ભાજપાની વિચારધારા સાથે જોડીને મતદાન અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ ઉપરાંત યુવાઓમાં રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે સંગઠન શક્તિના માધ્યમથી રાષ્ટ્ર અને જનસેવાનો ભાવ પ્રગટે, યુવા મતદાતાઓ સોશ્યલ મીડિયાના માધ્યમથી ભાજપા સાથે જોડાઈ તે દિશામાં પણ સુનિશ્ચિત પ્રયત્નો કરવામાં આવશે.

આગામી ચૂંટણીઓને લક્ષ્યમાં રાખીને આ યોજના અંતર્ગત મંડળ/ વોર્ડ કક્ષાએ યુવા મોરચાની બૃહદ બેઠક, શક્તિકેંદ્ર અને બુથ સ્તરે જૂથ ચર્ચા, સક્રિય કાર્યકરોનું સત્યાપન અને નવી જવાબદારીઓની વહેંચણી જેવી પ્રક્રિયાઓ ઉપરાંત ૧૮ થી વધુ વયના નવા મતદાતાઓને મતદાતા તરીકે નોંધણી માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે. કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર દ્વારા લેવાયેલ જનહિતના નિર્ણયો અને યોજનાઓ પણ આ અભિયાનના માધ્યમથી ઘર - ઘર સુધી પહોંચાડવામાં આવશે. આ યોજના અન્વયે કાર્યરત વિસ્તારકો વર્તમાન તેમજ પૂર્વ પદાધિકારીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, સમાજ શ્રેષ્ઠીઓ તેમજ સ્થાનિક આગેવાનો સાથે સંવાદ સાધીને ભાજપાના જનકલ્યાણકારી કાર્યો પ્રસારિત કરશે.આ યોજના દ્વારા યુવા મોરચો રાજ્યના દરેક ખૂણે પહોંચી યુવાનોને મહતમ સંખ્યામાં ભાજપા સાથે જોડશે અને આવનારી ચૂંટણી માટે મજબૂત આધારશિલા તૈયાર કરશે તેવું માનવામાં આવે છે.

# કૃષિ ક્ષેત્ર એટલે અન્નદાતા અબોલ પશુની ઉત્તમ સેવા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતે કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકારમાં નવનિયુક્ત બીજ અધિકારી અને પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમિયાન કૃષિ અને પશુપાલન મંત્રીના હસ્તે નવનિયુક્ત ૩૪ બીજ અધિકારી તથા ૧૧ પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ભરતી પ્રક્રિયાને અત્યંત પારદર્શક બનાવવામાં આવી છે, જેના પરિણામે આજે હજારો પ્રતિભાશાળી યુવાનો કોઈપણ ભલામણ વગર પોતાની મહેનતથી સરકારી સેવામાં જોડાઈ રહ્યા હોવાનું કૃષિ મંત્રીએ નવનિયુક્ત ઉમેદવારોને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું. કૃષિ અને પશુપાલન વિભાગમાં કામ કરવું એ માત્ર નોકરી નથી, પણ અન્નદાતાની સેવાની એક ઉત્તમ તક છે. બીજ નિગમમાં જોડાયેલા અધિકારીઓની જવાબદારી ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ યોગ્ય સમયે અને વ્યાજબી ભાવે મળી રહે તે સુનિશ્ચિત કરવાની છે. મગફળી, ડાંગર, ઘઉં અને ચણા જેવા પાકોનું ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન ખેડૂતોના સમૃદ્ધિકરણમાં મહત્વનો ભાગ ભજવશે. તેવી જ રીતે, પશુ નિરીક્ષકોને મૂંગા પશુઓની સેવા કરવાનો અવસર મળ્યો છે. નવનિયુક્ત અધિકારીઓને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ના 'વિકસિત ભારત'ના વિઝનમાં સહભાગી થવા મંત્રીએ આહવાન કર્યું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતનું વહીવટીતંત્ર અન્ય રાજ્યો કરતા અલગ ઓળખ ધરાવે છે, કારણ કે અહીંના અધિકારીઓ સમર્પણ ભાવથી કામ કરે છે. તેમણે યુવાનોને ૧૦ થી ૫ ની નોકરીની માનસિકતા છોડી, પોતાની ક્ષમતાનો પૂરો ઉપયોગ કરી

**નવનિયુક્ત ૩૪ બીજ અધિકારી અને ૧૧ પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયત કરતા કૃષિ અને પશુપાલન મંત્રીઓ**

**કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની મહત્વપૂર્ણ જાહેરાત**

# આઈ ખેડૂત પોર્ટલ વધુ એક માસ ખૂલ્લુ રહેશે

## કૃષિ વિભાગ નવા નાણાકીય વર્ષની શરૂઆતથી જ ખેડૂતોને યોજનાકીય લાભો આપવા સરકાર કટિબદ્ધઃ કૃષિ મંત્રી, ખેતીવાડી ખાતાના ૪૨, બાગાયત ખાતાના ૯૪ અને પશુપાલન ખાતાના ૧૨ ઘટકો માટે ખેડૂતો અરજી કરી શકશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવા અને ખેતીને આધુનિક બનાવવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત પ્રયાસો કરી રહી છે.

આ દિશામાં કરાયેલા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂત અને પશુપાલક મિત્રો વિવિધ કૃષિ અને પશુપાલનલક્ષી સહાય યોજનાઓનો લાભ લઈ શકે તે માટે આગામી તા. ૨૭ માર્ચથી એક મહિના સુધી એટલે કે, તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી 'આઈ-ખેડૂત' પોર્ટલ ઓનલાઈન અરજીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે. આગામી તા. ૨૭ માર્ચથી રાજ્યના ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ પર ખેતીવાડી ખાતાના ૪૨ ઘટકો, બાગાયત ખાતાના ૯૪ ઘટકો અને પશુપાલન ખાતાના ૧૨ ઘટકોને મળી કુલ ૧૪૮ ઘટકો હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે તેવું આયોજન કરાયું છે.

રાજ્ય સરકારનો કૃષિ વિભાગ નવા વર્ષની શરૂઆતથી જ ખેડૂતોને યોજનાકીય લાભો આપવા કટિબદ્ધ છે. રાજ્ય સરકારનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર વિધાનસભા ગૃહમાં પારિત થયાના ગણતરીના દિવસોમાં જ નવા



વર્ષ માટે પોર્ટલ ખુલ્લું મૂકવા વાળો કૃષિ વિભાગ સંભવતઃ રાજ્યનો પ્રથમ વિભાગ બનશે તેવું મનાય છે. અરજી પ્રક્રિયા પૂર્ણ થયાની કે છેલ્લી તારીખની રાહ જોયા વિના, જેમ જેમ અરજીઓ આવશે અને તેની ચકાસણી પૂર્ણ થશે, તેમ પાત્રતા ધરાવનાર ખેડૂતોને તુરંત સબસીડી અને સહાય મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે, જેથી ખેડૂતોને ઝડપથી યોજનાકીય લાભો મળી શકે તેવો સરકારનો આશય છે. ખેડૂતો માટે અરજી પ્રક્રિયા અત્યંત સરળ બનાવાઈ છે, જેમાં ખેડૂતો આધાર ઓથેન્ટિકેશન દ્વારા પોતે અથવા ગ્રામ પંચાયત સ્તરેથી નોંધણી કરાવી શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યના તમામ ખેડૂત મિત્રોને છેલ્લી તારીખની રાહ જોયા વિના વહેલી તકે જરૂરી દસ્તાવેજો સાથે ઓનલાઈન અરજી કરી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. વિવિધ સહાયલક્ષી ઘટકોની વિગતો આપતા તેઓએ જણાવ્યું કે, આધુનિક ખેતીને પ્રોત્સાહન આપતા ટ્રેક્ટર, કમ્બાઈન હાર્વેસ્ટર, રોટાવેટર, લેસર લેન્ડ લેવલર, પાવર ટીલર, ઓઈલ એન્જીન અને સ્માર્ટફોન ખરીદી પર સહાય માટે ખેડૂતો અરજી કરી શકે છે. ખેત પેદાશોના રક્ષણ માટે કાંટાળા તારની વાડ અને પાક સંગ્રહ સ્ટ્રક્ચર, સોલાર પાવર યુનિટ, પમ્પ સેટ્સ માટે સહાય મેળવવા પણ અરજી કરી શકાશે.

આ ઉપરાંત બાગાયત ખાતાની ૨૦ ૩ળઘ હોર્સપાવર સુધીના મીની ટ્રેક્ટર, નેટ હાઉસ, પોલીહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, ફળ, ફૂલ અને શાકભાજીના વાવેતર તેમજ વિશેષ કરીને કમલમ (ડ્રેગન ફ્રૂટ) અને ઓઈલપામના વાવેતર માટે પ્રોત્સાહન આપતી યોજનાઓ હેઠળ સહાય મેળવવા ખેડૂતો અરજી કરી શકશે.

વધુમાં, પશુપાલન ખાતાની કેટલ શેડ બાંધકામ, દૂધાળા પશુના ડેરી ફાર્મ, મરઘાંપાલન તાલીમ સ્ટાઈપેન્ડ, પાડી-વાછરડી ઉછેર અને બકરાં એકમ જેવા ઘટકો હેઠળ સહાય મેળવવા માટે પશુપાલકો અરજી કરી શકશે.

# મેયરના પતિ દ્વારા કરેલું દબાણ દૂર કરો : કોંગ્રેસ

## કોંગ્રેસે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રામધૂન બોલાવી કર્યો વિરોધ : અઠવાડિયામાં દબાણ દૂર કરવા કરી તાકીદ

રાજકોટ, તા. ૨૫

મહાનગરપાલિકાની કામગીરી અંગે અનેકવિધ પ્રશ્નો ભૂતકાળમાં પણ ઊભા થયા છે એટલું જ નહીં પદાધિકારીઓ દ્વારા અનેકવિધ વખત ગેરરીતિઓ આચરી હોવાના કોંગ્રેસ દ્વારા અનેક વખત આક્ષેપો પણ કરવામાં આવેલા છે જેની સામે તંત્ર દ્વારા કેમ કોઈ પગલાં લેવામાં આવતા ન હોય તેવા પ્રશ્નો પણ ઊભા થયા હતા. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ હાલ ગત ટર્મના મેયર નયનાબેન પેઢડીયાના પતિ દ્વારા ગેરકાયદે બાંધકામ કર્યું હોવાની વાત વાયુવેગે ફેલાઈ હતી અને તે મામલે તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા ન હતા. જેનો વિરોધ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો અને ગઈકાલે મ્યુનિસિપલ કમિશનરને કોંગ્રેસના આગેવાનોએ લેખિત ફરિયાદ કરી હતી અને તાકીદે આ દબાણ દૂર કરવા જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે કોંગ્રેસ પક્ષ દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે ઉગ્ર વિરોધ અને સૂત્રોચાર કરવામાં આવ્યો હતો અને રામધૂન પણ બોલાવવામાં આવી હતી. એટલું જ નહીં એક સપ્તાહમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવે તેવું અલ્ટીમેટમ પણ લેખિતમાં મ્યુનિસિપલ કમિશનરને આપવામાં આવ્યું હતું ત્યારે તંત્ર દ્વારા શું પગલાં લેવામાં આવશે તે પણ હાલ મહત્વનો મુદ્દો સામે આવ્યો છે.



કોંગ્રેસે આક્ષેપક કરતા કહ્યું કે નાના લોકો દ્વારા જો દબાણ કરવામાં આવ્યું હોય અને તેની જાણ કોર્પોરેશનને થાય તો તેને તાકીદે દૂર કરી દેવામાં આવે છે તો રાજકીય વગ ધરાવતા લોકો પર કાર્યવાહી કેમ થતી નથી જે અંગે અસંતોષ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. શેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જણાવ્યું હતું કે શું કાયદો માત્ર સામાન્ય જનતા માટે જ છે? ભાજપના નેતાઓના દબાણો સામે તંત્રના 'બુલડોઝર' કેમ થોભી જાય છે? ૨૭ નિર્દોષ બાળકો અને નાગરિકોને જીવતા ભૂંજી નાખનાર ઝછ્ઝ શહેરમાં લેવાયેલા પાણીના ૯૧ નમૂનામાંથી ૫૫ નમૂના ફેલ થયા છે. સ્માર્ટ સિટીની વાતો કરતા શાસકો જનતાને શુદ્ધ પાણી પણ આપી શકતા નથી. ડ્રેનેજની હજારોથી વધુ ફરિયાદો પડતર છે. પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાને કારણે શહેર હોસ્પિટલ બની ગયું છે. શહેરના વોકળાઓ અને નદીઓમાં ગાંડી વેલના નિકાલમાં કરોડોના ખર્ચા છતાં પરિણામ શૂન્ય છે. આ વેલ મચ્છરોનું સંવર્ધન કેન્દ્ર બની ગઈ છે, જેના પરિણામે ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસોમાં તોતિંગ વધારો થયો છે. તંત્ર માત્ર ફોગિંગના કાગળ પરના આંકડા બતાવી જનતાને છેતરી રહ્યું છે. નવા મકાનના પ્લાન પાસ કરવામાં કે કમ્પ્લીશન સર્ટિફિકેટ આપવામાં સામાન્ય નાગરિકને પાયમાલ કરવામાં આવે છે, જ્યારે ભાજપના કોર્પોરેટરો અને તેમના મળતિયાઓ કોઈપણ જાતના પ્લાન પાસ વગર બેફામ બાંધકામો કરી રહ્યા છે. આ ડબલ સ્ટાન્ડર્ડ નીતિ હવે સહન કરવામાં આવશે નહીં. છેલ્લા કેટલાક સમયથી આર.એમ.સી.ના અનેક ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે. જ્યારે નાના કર્મચારીથી માંડીને ક્લાસ-૧ ના અધિકારીઓ ?ભ્રષ્ટાચારમાં લિપ્ત હોય, ત્યારે તે તંત્રની ઘોર નિષ્ફળતા છે. શું કમિશનર કચેરી આ ભ્રષ્ટાચારને રોકવામાં સદંતર નિષ્ફળ ગઈ છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરવામાં આવે છે? ખુદ રાજકોટ શહેર ભાજપ દ્વારા તેમના જ કોર્પોરેટરોને ભ્રષ્ટાચારના આરોપમાં સસ્પેન્ડ કરવા પડ્યા છે અથવા કડક ચેતવણી આપવાની ફરજ પડી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ભાજપના પદાધિકારીઓ પર એક નહીં અનેકવિધ આક્ષેપો કર્યા હતા અને તેનું નિવારણ તાકીદે લાવવા માટે તંત્રને પણ રજૂઆત અને માંગણી કરી હતી. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું મહાનગરપાલિકા કેટલા અંશે વાતને ગંભીરતાથી લ્યે છે. આ ઘટના સ્પષ્ટ કરે છે કે રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર પાછળ શહેર ભાજપના નેતાઓ સીધી રીતે જવાબદાર છે. જ્યારે શાસક પક્ષ જ સ્વીકારતો હોય કે તેમના હોદ્દેદારો ભ્રષ્ટ છે, ત્યારે કોર્પોરેશનના અધિકારીઓ કયા આધારે તેમની 'મીઠી નજર' હેઠળ આ ગેરરીતિઓ ચલાવી રહ્યા છે? રાજકોટ શહેર કોંગ્રેસ માંગણી કરે છે કે, મેયરના ગેરકાયદે બાંધકામ પર તત્કાલ ડિમોલિશન કરવામાં આવે અને પાણી-આરોગ્યના પ્રશ્નો ઉકેલવામાં આવે.

# પુરવઠા વિભાગે ૧૯૩ ગેસ સિલિન્ડર કર્યા સીઝ

રાજકોટ, તા. ૨૫

હાલ ઈરાન ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે જે યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે તેનાથી વૈશ્વિક અર્થતંત્રને ખૂબ મોટી અસર પડી છે ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ અસર હજુ આગામી દિવસો સુધી જોવા મળી શકે તેમ છે. ત્યારે યુદ્ધના પગલે શહેર અને જિલ્લામાં પુરવઠા વિભાગ દ્વારા ખાસ તપાસ હાથ ધરવામાં આવી રહી છે જેમાં ૧૯૩ જેટલા રાંધણ ગેસ એટલે કે એલપીજી સિલિન્ડરને જપ્ત કરવામાં આવ્યા છે આ કરવા પાછળનું મુખ્ય કારણ એ જ છે કે શહેર અને જિલ્લામાં કોઈ પણ પ્રકારની આર્થિક કટોકટી ઉભી થા થાય તે માટે વ્યવસ્થા ઊભી કરવા માટે પણ સ્થાનિક પ્રશાસન મેદાને આવ્યું છે. ત્યારે ગઈકાલે કલેકટરના અધ્યક્ષ સ્થાને પુરવઠા સલાહકાર સમિતિની બેઠક મળી હતી અને કેટલા એલપીજી સિલિન્ડર સીઝ કરવામાં આવ્યા છે તે અંગેની માહિતી પણ મેળવવામાં આવી હતી આજ ઉમેશ આવનારા દિવસોમાં પણ યથાવત રીતે ચાલુ રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની સૂચના મુજબ તપાસણી સમયે જિલ્લામાં ૧૭૩ રાંધણ ગેસ સિલિન્ડર સીઝ કરવામાં આવ્યા છે. તેમજ પુરવઠા અધિકારીએ રાંધણ ગેસના ઘરવપરાશ માટેનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાની માહિતી આપી હતી.

રાજકોટ શહેર/જિલ્લામાં લાભાર્થીઓને ઘઉં, ચોખા, બાજરી, તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું વગેરેના વિતરણ કરેલા જથ્થાની વિગતો રજુ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય અન્ન



### રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૩,૦૪,૦૨૦ રેશનકાર્ડ ધારકો

સલામતી કાયદો - ૨૦૧૩ હેઠળ અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા કુટુંબોને ૧૫ કી.ગ્રા. ઘઉં, ૨૦ કી.ગ્રા. ચોખા, તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને ૨ કી.ગ્રા. ઘઉં, ૩ કી.ગ્રા. ચોખા રાજ્ય સરકાર દ્વારા વિના મૂલ્યે આપવામાં આવે છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા કુટુંબો તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને જાન્યુઆરી-૨૦૨૪ થી પાંચ વર્ષ માટે ઘઉં અને ચોખા જેવા અનાજનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે મુજબ રાજકોટ જિલ્લામાં હાલમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ હેઠળ કુલ-૩,૦૪,૦૨૦ રેશનકાર્ડનો અને તેમાં નોંધાયેલ જનસંખ્યા-૧૧,૮૧,૧૫૦નો સમાવેશ થયેલ છે.

ભારત સરકારની ''વન નેશન વન રાશનકાર્ડ'' યોજના અંતર્ગત શહેરમાં ફેબ્રુઆરી અંતિત ૨૧,૦૩૫ રાજકોટ જિલ્લાના લાભાર્થીઓ જયારે અન્ય જિલ્લાના ૧૨,૭૧૬ લાભાર્થીઓ, અન્ય રાજ્યના ૧૯૪૭ લાભાર્થીઓને રાશન પૂરું પાડવામાં આવ્યું છે.

રાજકોટ શહેર જિલ્લામાં ૯૬.૮૬ ટકા ઈ-કેવાયસી કામગીરી પૂર્ણ થઈ ચુકી હોવાનું તેમજ રાજકોટ જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનોની તપાસ અને સીઝ કરાયેલી દુકાનની વિગત રજૂ કરાઇ હતી.

# બેડી ટીપી સ્કીમ ૩૯/૨ જાહેર કરતું રૂડા

## રૂડાના ૭૭ સરવે નંબરનો સમાવેશ કરવા નવી બેડી ટીપી સ્કીમ જાહેરઃ ગવરીદડ તથા મનહરપુર ગામના વિસ્તારોનો ટી.પી.સ્કીમમાં સમાવેશ

રાજકોટ, તા. ૨૫

રાજ્ય સરકાર હોય કે પછી સ્થાનિક પ્રશાસન શહેર અને જિલ્લાના વિકાસ માટે તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં માળખાગત સુવિધાઓ વિકસાવવા માટેની પણ તૈયારીઓ હાલ હાથ ધરવામાં આવતી હોય છે ત્યારે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા મુસદ્દા રૂપ નગર રચના યોજના ૩૯/૨ (બેડી) રૂડા બનાવવાનો ઈરાદો જાહેર કરેલ છે.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ૨૩ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મળેલી બોર્ડ બેઠકમાં અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો ત્યારે ૩૯/૨(બેડી)બનાવવાનું નક્કી કરાયેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૦૨.૬૯.૩૬ હેક્ટર છે અને ખાનગી એજન્સી પાસે તેની માપણી કરાવ્યા બાદ ડી.આઈ.એલ.આરની કચેરીના પત્રથી નીમતાણું મેળવેલ છે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસની જોગવાઈઓ મુજબ મુખ્ય નગર નિયોજક,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો જરૂરી પરામર્શ પત્ર સત્તામંડળના વિકસીત વિસ્તાર પૈકી મોજે-પાળ અને મોજેઃકાંગશીયાળી ગામમાં ખુબજ ઝડપથી વિકાસ પામશે.




યોજના અન્વયે મુખ્ય નગર નિયોજક દ્વારા આપવામાં આવેલ પરામર્શ મુજબની હદ નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ છે અને આ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)ની ચર્તુઃ સીમા-હદ નીચે મુજબ છે. ગવરીદડ ગામના અન્ય રે.સર્વે નંબરો તથા મોજેઃમનહરપુર ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે. સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૧(બેડી)ની હદ આવેલ છે.બેડી ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.

બેડી ૧૪૮, ૧૪૯, ૧૫૦/૧, ૧૫૦/૨, ૧૫૧, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯પૈકી ૧/પૈકી ૧, ૧૫૯પૈકી ૧/પૈકી ૨, ૧૬૦, ૧૬૧, ૧૯૧, ૧૯૨, ૧૯૫, ૧૯૬/૧પૈકી ૧,૧૯૬/૧/પૈકી ૨, ૧૯૬/૨, ૧૯૭/૧, ૧૯૭/૨, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬ પૈકી, ૨૦૭, ૨૦૮પૈકી, ૨૦૯, ૨૧૦, ૨૧૧/૧, ૨૧૧/૨, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭/૧/૧, ૨૧૭/૧/૨, ૨૧૭/૨, ૨૧૮, ૨૧૯/૧, ૨૧૯/૨, ૨૨૦, ૨૨૧, ૨૨૨/૧, ૨૨૨/૨, ૨૨૩, ૨૧૬, ૨૨૪પૈકી, ૨૨૫/૧, ૨૨૫/૨, ૨૨૫/૩, ૨૨૫/૪, ૨૨૫/૫, ૨૨૫/૬, ૨૨૫/૭, ૨૨૫/૮, ૨૨૫/૯, ૨૨૬, ૨૨૭પૈકી, ૨૨૮પૈકી, ૨૨૯. ૨૩૦/૧ પૈકી, ૨૩૦/૨, ૨૩૧, ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૮પૈકી, ૨૬૧/૧ પૈકી ' તથા સરકારની માલિકીના રે.સર્વે નં.૨૬૧પૈકી ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

# ઓબીસી સમાજને એકજૂટ કરવા કોંગ્રેસની હાકલ




## કોંગ્રેસના ઓબીસી ડિપાર્ટમેન્ટમાં જોડાવા લોન્ચ કર્યો કયુઆર કોડ

રાજકોટ, તા. ૨૫

મહાનગરપાલિકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ની તારીખ ગમે તે ઘડીએ જાહેર થશે ત્યારે જ્ઞાતિનું સમીકરણ મજબૂત બનાવવા માટે દરેક પક્ષ અત્યારથી જ મહેનત કરી રહ્યું છે ત્યારે કોંગ્રેસ દ્વારા ઓબીસી સમાજ એક સાથે આવે તે માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને ઓબીસી ડિપાર્ટમેન્ટમાં લોકો જોડાઈ તે માટેનો ક્યુઆર કોડ પણ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ વિક્રમ માડમ તથા ઋત્વિક મકવાણા પણ હાજર રહ્યા હતા. ઓબીસી સમાજનો સાથ અને સહકાર કોંગ્રેસને મળતો રહે તે હેતુસર હાલ વધુ ને વધુ સમાજના લોકો એક જૂઠ થાય તે માટેની તૈયારીઓ પણ કોંગ્રેસ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે સામે ભાજપ પણ આ કાર્યમાં લાગી ગયું હોય તેવું રાજકીય વર્તુળો ચરચી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેન ડો. મહેશભાઈ રાજપુત, પુર્વ સાંસદ વિક્રમ માડમ તથા રૂત્વિક મકવાણાએ પછાત વર્ગને સતત થઈ રહેલો અન્યાય દુર કરવા માટે અને સમાજમાં એકતા વધારવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરી છે. તેમણે એક જાહેર અપીલ દ્વારા ઓ.બી.સી. સમાજના લોકોને કોંગ્રેસની વિચારધારા સાથે જોડાઈને ન્યાય માટેના આ યજ્ઞમાં સહભાગી થવા વિનંતી કરી છે. એક કાર્યક્રમમાં મહેશભાઈ રાજપૂતે પરિવર્તનનો સંકલ્પ, કોંગ્રેસ જ વિકલ્પ એ નારા સાથે એક ક્યુ.આર. કોડ જાહેર કર્યો છે અને તેના દ્વારા લોકોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી છે.

મહેશભાઈ રાજપૂતે કહ્યુ છે કે, ગુજરાતના વિકાસને સાચી દિશામાં વેગ આપવા માટે અને હાલમાં વ્યાપી ગયેલા ભ્રષ્ટાચાર સામેની લડાઈને નેસ્તનાબુદ કરવા માટે સમાજને એક કરવો જરૂરી છે. જો ઓ.બી.સી. સમાજ મનમાં આ માટે ગાંઠ વાળી લ્યે તો તેમને થતો અન્યાય દુર કરતા કોઈ રોકી નહી શકે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાતમાં ઓ.બી.સી. સમાજની વસતિ ૫૩ ટકાથી પણ વધુ છે અને તેમાં કુલ ૧૪૬ જેટલી જુદી જુદી જ્ઞાતિનો સમાવેશ થાય છે. જો ઓ.બી.સી. સમાજ આટલી વિશાળ સંખ્યામાં હોય અને યોગ્ય રીતે સંગઠિત થાય તો ઘણા સારા પરિણામ આવી શકે છે. તેમણે કહ્યું છે કે, ગુજરાતમાં પરિવર્તનની લહેર ફંકાઈ રહી છે ત્યારે સમગ્ર ઓ.બી.સી. સમાજ તેમાં સહભાગી બને તે આજના સમયની માંગ છે.

ગુજરાતમાં ઘણા સમાજનો વિકાસ થયો છે પરંતુ સરકારની અન્યાયી નીતિને લીધે ઓ.બી.સી. સમાજનો વિકાસ થયો નથી. આજે પણ આપણા સમાજની યુવા પેઢીને શિક્ષણથી લઈને રોજગાર મેળવવા સુધી અન્યાય સહન કરવો પડે છે. આ પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સેક્રેટરી અને પૂર્વ ધારાસભ્ય ઋત્વીકભાઈ મકવાણા, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિક્રમભાઈ માડમ, પૂર્વ કાર્યકારી ચેરમેન રમેશભાઈ દેસાઈ (રબારી) વિગેરે હાજર રહેલા હતા.

# વ્યાજખોર-પ્રસિદ્ધિખોર

## પોલીસ દરબારે આશા જગાવી, પણ આક્રમક્તાનો હજુ અભાવ




વ્યાજખોરીનું દૂષણ આજે સમાજ માટે એક કેન્સર સમાન બની ગયું છે. મજબૂર સામાન્ય માણસ જ્યારે આ ચક્રવ્યૂહમાં ફસાય છે, ત્યારે માત્ર તેના રૂપિયા જ નહીં, પરંતુ તેનું આખું પરિવાર બરબાદ થઈ જાય છે. લાંબા સમયથી ચાલી રહેલા આ જીવલેણ તાંડવે અનેક લોકોના ઘરના દીવા બુઝાવી દીધા છે. તાજેતરમાં તંત્ર દ્વારા યોજાયેલા લોક દરબારોએ પીડિતોમાં એક નવી આશા તો જગાવી છે, પરંતુ શું આ કાર્યવાહી ખરેખર નિર્ણાયક છે? કે પછી તે માત્ર 'પ્રસિદ્ધિ મેળવવાનો' એક નુસખો છે? તે પ્રશ્ન મહત્વનો બન્યો છે.

ગુંડાગીરી અને તંત્ર વચ્ચેની કથિત મીલીભગતની આશંકાઓને નકારી શકાય તેમ નથી. વ્યાજખોરોનો આતંક કોઈ એક ગલી કે મહોલ્લા પૂરતો સીમિત નથી, તે દરેક એરિયામાં ફેલાયેલો છે. પોલીસ માટે આ તત્વોને ઝડપવા જરાય અઘરા નથી, કારણ કે સ્થાનિક સ્તરે કોણ વ્યાજ વટાવનો ધંધો કરે છે તેની જાણકારી તંત્ર પાસે હોય જ છે. છતાં, મેદાનમાં જે આક્રમક્તા દેખાવી જોઈએ તેનો સ્પષ્ટ અભાવ વર્તાય છે. જ્યારે સ્થાનિક ચૂંટણીઓ નજીક આવે છે, ત્યારે તંત્ર પર કાર્યવાહી કરવાનું દબાણ વધે છે. આવા સમયે પોલીસ અધિકારીઓ મોટા પાયે દરોડા પાડીને ભરપૂર પ્રસિદ્ધિ મેળવી લે છે, પરંતુ મૂળિયાં સુધી પહોંચવાની રણનીતિ ક્યાંક ખોવાઈ જાય છે.

ભૂતકાળમાં પણ વ્યાજખોરો સામે અનેકવાર જંગ છેડવામાં આવ્યો હતો. ત્યારે પ્રસિદ્ધિ લેવાઇ હતી, ફોટા પડાયા, પણ પરિણામ શૂન્ય રહ્યું. થોડા દિવસની કડકાઈ બાદ ફરી એ જ પરિસ્થિતિ સર્જાય છે. વ્યાજખોરીની આ ગંદકી જો ખરેખર સાફ કરવી હોય, તો માત્ર ગુંડાઓ પર લાઠી ચલાવવી પૂરતી નથી. તંત્રની અંદર બેઠેલા ખેલાડીઓનો પણ સફાયો કરવો પડશે, જેઓ આ કાળા કારોબારને રક્ષણ આપે છે.

જો કોઈ ઝાંબાજ અધિકારી મક્કમ મનોબળ સાથે મેદાનમાં ઉતરે અને કોઈપણ રાજકીય કે આર્થિક લાલચ વગર નિર્ણાયક રણનીતિ અપનાવે, તો જ પરિવર્તન શક્ય છે. નહીંતર, વ્યાજખોરી સામેની આ લડાઈ માત્ર 'પ્રસિદ્ધિખોરી' બનીને રહી જશે. જનતાને હવે આશ્વાસન નહીં, પણ પરિણામ જોઈએ છે. વ્યાજખોરોના આતંકથી મુક્તિ અપાવવા માટે તંત્રએ પોતે પણ આત્મમંથન કરવાની જરૂર છે.

# HALએ વિકસાવી નવી સ્ટીલ્થ ક્રુઝ મિસાઈલ

## ભારતની ત્રાટક ક્ષમતાને બનાવી વધુ મજબૂત : ફાઈટર જેટને દુશ્મનના હવાઈ સંરક્ષણની બહાર રહીને હુમલો કરવાની ક્ષમતા

નવીદિલ્હી, તા. ૨૫

મધ્ય પૂર્વમાં સતત તણાવ અને અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, ભારત તેની રક્ષણાત્મક તૈયારીઓને મજબૂત બનાવી રહ્યું છે. તેની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું ભરતા, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે એક નવી એર-લોન્ચ ક્રુઝ મિસાઇલ કોન્સેપ્ટ રજૂ કરી છે. આ મિસાઇલ કોમ્બેટ એર ટીમિંગ સિસ્ટમ (CATS) પ્રોગ્રામનો એક ભાગ છે. તેને અગાઉના CATS હન્ટર પ્રોજેક્ટ કરતાં વધુ અદ્યતન માનવામાં આવે છે. નવી અક્ઈખ મિસાઇલને મોટી અને વધુ શક્તિશાળી બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવી રહી છે, જે સંભવિત રીતે તેની રેન્જ અને શસ્ત્ર વહન ક્ષમતામાં વધારો કરશે. તેની ફાચર આકારની આગળની બાજુ અને ફોલ્ડિંગ પાંખો તેને રડારથી બચવામાં મદદ કરશે, જેનો અર્થ છે કે તે સ્ટીલ્થી છે. આ મિસાઇલ ખાસ કરીને સ્ટેન્ડ-ઓફ સ્ટ્રાઇક્સ માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે ફાઇટર જેટને દુશ્મનના હવાઈ સંરક્ષણની બહાર રહીને હુમલો કરવાની મંજૂરી આપે છે. આ પાઇલટ્સ અને મોંઘા વિમાનોની સલામતીમાં વધારો કરશે.



મિસાઇલની વિશિષ્ટ વિશેષતા તેની મલ્ટી-પ્લેટફોર્મ લોન્ચ ક્ષમતા છે. આ મિસાઇલને તેજસ Mk1A, Su-30MKI અને CATS વોરિયર લોન્ચર જેવી ભવિષ્યની ડ્રોન સિસ્ટમ્સ સહિત અનેક પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે. આ નવી મિસાઇલ ભારતની નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધ વ્યૂહરચનાને મજબૂત બનાવશે, જેનાથી માનવ અને ડ્રોન દ્વારા એક સાથે પ્રહાર કરી શકાશે. HAL અનુસાર, મિસાઇલની સંભવિત રેન્જ અને શક્તિ અંગે, અક્ઈખ હજુ પણ ખ્યાલના તબક્કામાં છે, તેથી તેની સત્તાવાર રેન્જ જાહેર કરવામાં આવી નથી. જો કે, તેની ડિઝાઇનના આધારે, તેની સંભવિત રેન્જ ૫૦૦ થી ૧,૦૦૦ કિલોમીટરની વચ્ચે હોવાનો અંદાજ છે. મિસાઇલની મુખ્ય વિશેષતાઓમાંની એક તેની સ્ટીલ્થ ડિઝાઇન છે, જે તેને રડારથી બચીને વાતાવરણમાં ઊંડે સુધી પ્રહાર કરવાની મંજૂરી આપે છે.

ઉચ્ચ-ચોકસાઈવાળા સ્ટ્રાઇક્સ, જે તેને બંકર, એરબેઝ અને કમાન્ડ સેન્ટર જેવા લક્ષ્યોને સચોટ રીતે પ્રહાર કરવાની મંજૂરી આપે છે, તે લાંબા અંતરના ગ્લાઇડિંગ પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. ફોલ્ડિંગ વિંગ્સ તેને નેટવર્ક-કેન્દ્રિત કામગીરી દરમિયાન ડ્રોન અને ફાઇટર જેટ સાથે જોડાણમાં કાર્ય કરવાની મંજૂરી આપે છે. તેની ડિઝાઇન સ્ટોર્મ શેડો અને ટોરસ KEPD 350 જેવી પશ્ચિમી મિસાઇલોની જેમ વિકસાવવામાં આવી રહી છે, જે તેમના લાંબા અંતર અને ચોકસાઈવાળા સ્ટ્રાઇક્સ માટે જાણીતા છે.

ભારતીય કંપની HAL ના આ નવા ALCM ખ્યાલને ભારતીય વાયુસેનાની સ્ટ્રાઇક ક્ષમતાને નવા સ્તરે વધારવામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. તે ભવિષ્યમાં ભારતને લાંબા અંતરથી સુરક્ષિત અને સચોટ પ્રહારો કરવા સક્ષમ બનાવશે, જોકે તેની અંતિમ ક્ષમતા અને જમાવટ પરીક્ષણો પછી જ સ્પષ્ટ થશે. આ મિસાઇલની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા તેની મલ્ટી-પ્લેટફોર્મ લોન્ચ ક્ષમતા છે. તેને તેજસ Mk1A, Su-30MKI અને CATS વોરિયર લોન્ચર જેવી ભવિષ્યની ડ્રોન સિસ્ટમ સહિત અનેક પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે.

# પાકિસ્તાનથી હથિયારોની દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ

## વિદેશી પિસ્તોલ, મશીનગન અને જીવતા કારતૂસ સાથે ૧૦ની ધરપકડ

નવીદિલ્હી, તા. ૨૫

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આંતરરાષ્ટ્રીય હથિયાર સપ્લાયમાં સામેલ એક મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. તે પાકિસ્તાન, નેપાળ અને બાંગ્લાદેશમાં ગેરકાયદેસર હથિયાર સપ્લાયર્સ સાથે સંકળાયેલ છે. આ ગેંગ સાથે સંકળાયેલા દસ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી એકવીસ વિદેશી બનાવટની પિસ્તોલ, મશીનગન, ૨૦૦ જીવંત કારતૂસ અને ઓટોમેટિક પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. સબ-મશીન ગન (ચેક રિપબ્લિક બનાવટ) અને વિવિધ પિસ્તોલ સહિત ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આમાં PX-5.7, સ્ટોગર (તુર્કી બનાવટ), PX-3 (ચીન બનાવટ), શેડો ઈણ (ચેક રિપબ્લિક બનાવટ), બેરેટ્ટા (ઇટાલી બનાવટ), ટોરસ (બ્રાઝિલ બનાવટ) અને વોલ્થર (જર્મન બનાવટ)નો સમાવેશ થાય છે. PX-5.7નો ઉપયોગ ફક્ત સ્પેશિયલ ફોર્સ દ્વારા કરવામાં આવે છે. આ હથિયારો ભારત-નેપાળ સરહદ દ્વારા પાકિસ્તાનથી ભારતમાં દાણચોરી કરવામાં આવતા હતા અને પછી દિલ્હી-ગઈછ અને અન્ય રાજ્યોમાં કાર્યરત ગુનાહિત ગેંગને પૂરા પાડવામાં આવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ ગેંગ માત્ર આંતરરાજ્ય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય હથિયાર સપ્લાયમાં પણ સામેલ હતી. આરોપીઓની હાલમાં પૂછપરછ કરવામાં આવી રહી છે, અને નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકોની શોધ ચાલી રહી છે. ગેંગ સાથે સંકળાયેલા દસ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી એકવીસ વિદેશી બનાવટની પિસ્તોલ, મશીનગન, ૨૦૦ જીવંત કારતૂસ અને ઓટોમેટિક પિસ્તોલ મળી આવી છે. આ શસ્ત્રો ભારત-નેપાળ સરહદ દ્વારા પાકિસ્તાનથી ભારતમાં દાણચોરી કરીને લાવવામાં આવતા હતા અને પછી દિલ્હી-એનસીઆર અને અન્ય રાજ્યોમાં કાર્યરત ગુનાહિત ગેંગને પૂરા પાડવામાં આવતા હતા.




# રાહુલ ગાંધી નિશાના પર ?

## ટી-શર્ટ અને કાર્ગો પર પ્રતિબંધની માંગ, ભાજપના નેતાએ કહ્યું સંસદમાં ડ્રેસ કોડ જરૂરી



નવીદિલ્હી, તા. ૨૫

સંસદનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. મધ્ય પૂર્વ સંકટ અને દેશમાં વધતી જતી ગેસની અછત વચ્ચે, સાંસદો માટે ડ્રેસ કોડની નવી માંગણી સામે આવી છે. ભાજપના નેતા જયવીર શેરગિલે સંસદમાં હાજરી આપતા સાંસદો માટેના ડ્રેસ કોડ વિશે બોલતા કહ્યું કે સંસદ લોકશાહીનું મંદિર છે અને ત્યાં ચોક્કસ કપડાં પહેરવાની મંજૂરી ન હોવી જોઈએ. જેમ વકીલો અને ડોકટરો માટે ડ્રેસ કોડ છે, તેવી જ રીતે સાંસદો માટે પણ આવો જ કોડ હોવો જોઈએ. તેમનો હુમલો રાહુલ ગાંધીના ટી-શર્ટ અને કાર્ગો પેન્ટ પર હતો, જે દૃષ્ટિકોણની ઘણા કોંગ્રેસના નેતાઓએ આકરી ટીકા કરી છે.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતા જયવીર શેરગિલે કહ્યું, 'મારું આજેનું ટ્વીટ ફક્ત માંગ કરે છે કે સંસદમાં ચોક્કસ કપડાં પહેરવાની મંજૂરી ન હોવી જોઈએ, કારણ કે ભારતીય સંસદને પલોકશાહીનું મંદિરથ તરીકે ઓળખવામાં આવે છે. જેમ વકીલ ટી-શર્ટ અને કાર્ગો પેન્ટ પહેરીને કોર્ટમાં પ્રવેશી શકતો નથી, અને ડોક્ટર શોર્ટ્સ પહેરીને ઓપરેશન રૂમમાં પ્રવેશી શકતો નથી, તેવી જ રીતે સાંસદને ટી-શર્ટ અને કાર્ગો પેન્ટ કેમ પહેરવાની મંજૂરી આપવી જોઈએ?'

રાહુલ ગાંધીની માંગણીમાં તેમનો ઉલ્લેખ કેમ ન હતો તે સમજાવતા જયવીર શેરગિલે કહ્યું, 'મારા ટ્વીટમાં રાહુલ ગાંધીનો ઉલ્લેખ નહોતો કે તેમનું નામ નહોતું, પરંતુ કોંગ્રેસના નેતાના પ્રતિભાવથી સ્પષ્ટ થાય છે કે તેઓ પચોરથ છે. ટી-શર્ટ અને કાર્ગો પેન્ટ જેવા કપડાં પર પ્રતિબંધ કડક રીતે લાગુ થવો જોઈએ, જેથી કાલે રાહુલ ગાંધી તેમના સમર્થકો અને સમર્થકોને શર્ટલેસ, ટી-શર્ટ કે શોર્ટ્સમાં આવવાનો આદેશ ન આપે. આવી પરિસ્થિતિને રોકવા માટે, આવા કપડાં પહેરવાની મંજૂરી ન આપવી જોઈએ.'

ભાજપ નેતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોસ્ટ કરીને સંસદની અંદર ડ્રેસ કોડની માંગ કરી. તેમણે કહ્યું, નસ્ત્રભારતીય સંસદમાં પમંજૂરી નથીથ ડ્રેસ કોડ હોવો જોઈએ, જેની શરૂઆત ટી-શર્ટ અને ખુલ્લા શર્ટ પર પ્રતિબંધથી થાય છે. છેવટે, આ લોકશાહીનું મંદિર છે, ક્લબ લાઉન્જ નહીં.સ્ત્રસ્ત્ર લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અનેક વખત ટી-શર્ટ અને કાર્ગો પેન્ટ પહેરીને સંસદમાં દેખાયા છે.

આ માંગણી કર્યાના થોડા કલાકો પછી, તેમણે બીજી પોસ્ટ કરી. તેમણે કહ્યું, 'મારા પહેલાના ટ્વીટમાં રાહુલ ગાંધીનો ઉલ્લેખ પણ નહોતો, પરંતુ કોંગ્રેસના દરબારીઓની પ્રતિક્રિયાએ મારી વાત સાબિત કરી. સંસદમાં પશર્ટલેસથ, પશોર્ટ્સથ અથવા પરાજકુમારથને પ્રભાવિત કરવા માટે પહાઈ કાર્ગો પેન્ટથ પહેરીને આવતા લોકોને રોકવા માટે, સંસદની ગરિમા જાળવવા માટે ચોક્કસ પ્રકારના કપડાં પર પ્રતિબંધ મૂકવો જોઈએ.'

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### સહસ્ત્રારનાં કેન્દ્રનો મુખ્ય સોનેરી ભાગ અહિંસા જેવા દૈવીય ગુણથી સક્રિય થાય છે!



આજે ચૈત્રી નવરાત્રીનો આઠમો દિવસ છે, પણ રામ નવમી કાલે બપોરે બાર પહેલાં પૂરી થતી હોય ને આજે રામનવમી ઉજવવાની રહેશે! પણ આપણે નવ દુર્ગાનાં આઠમાં સ્વરૂપ મહાગૌરીની મહત્તાનું મહિમા ગાન કરીશું. મહાગૌરીનું સ્વરૂપ એકદમ સૌમ્ય અને શાંત છે, ઉપરાંત કોઈ શસ્ત્ર પણ નથી! એટલે સિદ્ધિ મેળવવાં માટે અહિંસા જરૂરી છે, અથવા તો અહિંસા જ સૌથી મોટી સિદ્ધિ છે! કુંડલીની જાગરણ એ મારા અનુભવનું ક્ષેત્ર નથી, પણ કળીના પ્રભાવને કારણે સ્વભાવમાં જે પશુતા કે હિંસકતા આવી ગઈ છે, મનનાં દર્પણમાં જે મલિનતા આવી ગઈ છે, એ દૂર થાય માટે, સદગુરુ કૃપા થકી અનૂભૂતિનાં આકાશમાં તત્વતઃ સત્ય પ્રેમ અને કરુણાનાં ભાવો થકી સાધના ચક્રો પ્રમાણેનાં રંગો મુજબ રંગોળી રચી આલ્હાદક અનૂભૂતિ કરાવી શકે છે, એ વિશે થોડું લખ્યું. પણ એની માટે સદગુરુની આજ્ઞાનું આચરણ ખૂબ જ મહત્વનું છે, અને વાણીનાં મંત્ર જાપને વર્તન સુધી લઈ જઈ આત્મસાત કરવાનાં છે. સદગુરુ દેવે કુંડલીની જાગરણ વિશેનું પુસ્તકમાં લખ્યું હતું, કે માતાનાં ગર્ભમાં ગર્ભ જ્યારે ચાર મહિનાનો થાય ત્યારે બ્રહ્મરંધ્રથી પરમશક્તિ દ્વારા જીવ ગર્ભમાં પ્રવેશે છે, અને મુલાધાર પર કેન્દ્રિત થાય છે. જ્યાં સુધી જન્મ ન થાય ત્યાં સુધી ગર્ભમાં રહેલ શિશુની કુંડલિની શક્તિ જાગૃત હોય છે, અને એ ઉપર નીચે ફરીને, માતાની શક્તિ સાથે તાલમેલ સાધવા કોશિશ કરે છે. કોઈવાર માતા કળી પ્રભાવમાં ન કરવા જેવું કંઈક વર્તન કરે, તો જીવ મોહ માયાના બંધન નકારે તો માતાને ગર્ભપાત થાય છે. કેવી આશ્ચર્યજનક વાત છે નહીં! કે બ્રહ્મરંધ્રમાંથી જ આપણી અંદર એ શક્તિ આવી હતી, પરંતુ જન્મ લઈને આ મોહ માયાને મમતામાં એવા જકડાઈ ગયાં, કે પછી એનાં જાગરણ વિશે વિચાર્યું જ નહીં! તો આજે આપણે આ બ્રહ્મરંધ્ર પર ટકેલા સહસ્ત્રાર ચક્રની શાસ્ત્રીય રચના જોઈએ!

સહસ્ત્રાર કે જે હજાર-પાંખડીવાળાને યોગ પરંપરાઓમાં તાજ ચક્ર કે સાતમું ચક્ર ગણવામાં આવે છે,જે આછાં જાંબલી રંગનું છે. તેને પંકજા, પૂર્ણ પંકજ, સહસ્ત્રાદલ, શતદલા જેવા ઘણાં નામ છે. સહસ્ત્રારનું વર્ણન મધ્યયુગીન હઠ યોગ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. શિવ સંહિતા જણાવે છે કે તે શરીરની બહાર છે, જ્યારે અન્ય લોકો તેને માથાની ટોચે બ્રહ્મરંધ્ર પર મૂકે છે, જ્યાં આત્મા મૃત્યુ સમયે શરીરને છોડી દે છે. શાસ્ત્રોમાં કહ્યાં મુજબ તે ૧૦૦૦ પાંખડીઓ ધરાવે છે, અને આમ ૫૦ પાંખડીઓ ૨૦ સ્તરોમાં ગોઠવાયેલી હોય છે. સહસ્ત્રારને વિવિધ રંગોની ૧,૦૦૦ પાંખડીઓવાળા કમળના ફૂલ તરીકે વર્ણવવામાં આવે છે. એનો મધ્ય ભાગ સોનેરી છે અને તેની અંદર એક ગોળાકાર ચંદ્ર પ્રદેશ, એક તેજસ્વી ત્રિકોણ સાથે અંકિત છે, જે કાં તો ઉપરની તરફ અથવા નીચે તરફ નિર્દેશ કરી શકે છે. તે શુદ્ધ ચેતના સાથે સંબંધિત સિસ્ટમમાં સૌથી સૂક્ષ્મ ચક્ર હોવાનું કહેવાય છે, અને આ ચક્રમાંથી જ અન્ય તમામ ચક્રો નીકળે છે. જ્યારે યોગી તેની કુંડલિની ચેતનાની ઊર્જાને આ બિંદુ સુધી લઈ જવા સક્ષમ બને છે, ત્યારે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિનો અનુભવ થાય છે. સહસ્ત્રાર માથાનાં મુગટ સાથે સંબંધિત છે, તે સામાન્ય રીતે ફોન્ટેલ અને ખોપરીના કોરોનલ અને ધનુષ્યના આંતરછેદ સાથે સંકળાયેલું છે.સહસ્ત્રાર ચક્ર મસ્તિષ્કનાં મધ્યમાં રહેલું છે, જેને હજાર આરા હોય, શરીરમાં આ સ્થાન સર્વાધિક મહત્વનું છે.

ય દેતતદ્ધૃત્યં મનશ્ચૈતત મ સંજ્ઞાનમાજ્ઞાનં વિજ્ઞાનં પ્રજ્ઞાનં મેધા દ્રષ્ટિ ધૃતિર્મતિર્મનીષા જૂતિઃ સ્મૃતિઃ સંકલ્પઃ ક્રતુરસુઃ કામો વશ ઇતિ સર્વાક્યેવૈતાનિ પ્રજ્ઞાનસ્ય નામધેયાનિ ભવન્ત મમ આપણું જે હૃદય છે, તે જ મન પણ છે, પરંતુ યોગ્ય જ્ઞાન, આજ્ઞા કરવાની શક્તિ, જુદી જુદી રીતે જાણવાની શક્તિ, તત્કાળ જાણવાની શક્તિ, બધું ધારણ કરવાની શક્તિ, જોવાની શક્તિ, ધૈર્ય, બુધ્ધિ, મનન શક્તિ, વેગ, સ્મરણ શક્તિ, સંકલ્પ શક્તિ, ઈચ્છા શક્તિ, આ બધી શક્તિઓ અને આ જગતમાં જે કંઇ ચૈતન્યશક્તિ જુદા જુદા નામે પ્રસરે છે, આ તમામ ચૈતન્ય શક્તિ પ્રજ્ઞા સ્વરૂપ પરમાત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, એવી સહજ સમજ આપણે કેળવી શકતાં નથી, માટે હૃદય અને મન બે ભિન્ન તત્વ બની જાય છે. સીધીસાદી ભાષામાં કહીએ તો પીંડે ચ બ્રહ્માંડે એવી સાક્ષાત અનૂભૂતિ થાય તો સમજવું કે સહસ્ત્રાર ચક્ર સક્રિય થયું છે.

માનવ કાયાની ધુરી એનાં ઉત્તર ધ્રુવ રૂપ સહસ્ત્રાર ચક્ર છે, અને બ્રહ્મરૂંધ્ર બ્રહ્માંડની ચેતના સાથે સંપર્ક સાધી આદાન-પ્રદાનનો પથ નિર્મિત કરે છે. પૃથ્વીનાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવની જેમ માનવ કાયાનાં પણ બે ધ્રુવ છે, એક સહસ્ત્રાર ચક્ર અને બીજું મૂલાધાર ચક્ર. જેમ સૂર્યનાં કિરણોની ઊર્જા ઉત્તર ધ્રુવ પર વરસે, અને આખી પૃથ્વી પ્રકાશમાન થઈ એ કેન્દ્ર થકી જરૂરિયાત પ્રમાણે શક્તિ પ્રાપ્ત કરે છે. તે જ રીતે બ્રહ્મ ચેતનાનો ચૈતન્ય પ્રવાહ અંતરિક્ષમાંથી સતત પ્રવાહિત થતો રહે છે, જે મનુષ્યનાં શરીરમાં ઉપર રહેલાં આ સહસ્ત્રાર ચક્રમાં ઊતરે છે, અને ત્યાંથી નીચેની તરફ પ્રવાહિત થઇ દક્ષિણ ધ્રુવ રૂપ મૂલાધાર ચક્ર સુધી પહોંચે છે. અધ્યાત્મ વિજ્ઞાન કહે છે, કે મૂલાધાર ચક્રમાંથી ઉપર ઉઠેલી કુંડલિની શક્તિ સહસ્ત્રાર ચક્રમાં જ શિવ એટલે કે આ બ્રહ્માંડીય શક્તિ સાથે સંયોગ કરે છે, જેને આપણે જીવ શિવ મિલન કે બ્રહ્મ સાક્ષાત્કાર કહીએ છીએ. યોગશાસ્ત્ર દર્શાવે છે કે, બન્ને ભ્રમરની વચ્ચે ત્રણ-ત્રણ ઇંચ અંદર મસ્તિષ્કની મધ્યમાં પમહા વિવરથ નામના મહા છિદ્રની ઉપર નાના સરખાં પોલા ભાગમાં જ્યોતિ પુંજ રૂપમાં આ સહસ્ત્રાર રહેલું હોય છે, અને જો આ ચક્ર સક્રિય થયું હોય તો ધ્યાનમાં બ્રહ્મરંધ્ર પાસે મશાલ રૂપે પ્રચંડ પ્રકાશ પુંજ દેખાય છે. જોવા સાંભળવામાં સારું લાગે, પરંતુ આ ચક્ર સુધી ભોગી અને સંસારી જીવ પહોંચી શકે નહીં,એની માટે યોગની આકરી શરતો પાળવાનું શક્ય નથી. પરંતુ પ્રાકૃતિક રીતે આ શક્તિ ખુદ આપણી અંદર પ્રવેશીને મુલાધારમાં જઈ એને જાગૃત કરી ઉપર લાવી શકે! અને એ રીતે જીવ અને શિવનું મિલન શક્ય છે. ભક્તિ સાથે પણ યોગ શબ્દ લાગે છે, અને ભક્તિ યોગ થકી આપણે જીવ શિવનું મિલન કરાવી શકીએ છીએ, કારણ કે ભક્તિમાં ભાવનું પ્રાધાન્ય હોય છે, સાધન કે સાધનાનું હોતું નથી! એટલે જેવાં છીએ એવા સદગુરુનાં ચરણે બેસી જઈએ, અને આપણાથી કંઈ થયું નહીં, પસ્તાવો કરી, શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરવામાં આવે, તો મા જગત જનની જગદંબા આપણી પ્રાર્થના અવશ્ય સાંભળશે, અને આ અનોખી શક્તિનું જાગરણ આપણામાં રમત રમતમાં થઈ શકે. દરેક સાધના ચક્રના એક એક બીજ મંત્ર છે, પણ બીજ મંત્ર એ તંત્રવિદ્યાનો પ્રયોગ છે, અને એવા કેટલાય મંત્રો છે, જેનાં થકી તંત્રવિદ્યામાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ સીધા સાદા નામ મંત્ર આગળ ૐ નામનાં મુખ્ય બીજ મંત્ર લગાડીને, આ કાર્યને અંજામ સુધી લઈ જઈ શકીએ. સિદ્ધિ પ્રાપ્ત થાય કે ન થાય, પરંતુ શુદ્ધિ અવશ્ય થાય છે, અને ભક્તિમાં શુદ્ધિનું જ મહત્વ હોય છે, અને શુદ્ધ હૃદયમાં ભગવાનનો વાસ હોય છે, એટલે હૃદય શુદ્ધ થતાં પરમાત્મા તત્વની પ્રતીતિ થાય છે, આમ અનાહત ચક્ર સુધી જીવ પહોંચી જાય છે. જીભના બે મહત્વના કામ પર પણ સંયમ આવતા ત્યાં પણ વિશ્રામ અને શાંતિનો અનુભવ થાય છે. સદગુરુની આજ્ઞાનું અક્ષરશ પાલન કરવાથી, એમનો વરદ હસ્ત આપણને આશીર્વાદ દેવાં આપણાં માથાં પર મુકાય છે, અને એ પરમ સ્પર્શ આપણું સહસ્ત્રાર સક્રિય કરે છે, અને આ રીતે આપણાંમાં એ સાતે ચક્ર જાગૃત થાય, અને જીવ શિવનું મિલન થાય. જીવ જીવન મુક્ત દશાનો અનુભવ કરે, નિર્વાણનો અનુભવ કરે છે. આપણે પણ યથા યોગ્ય સમજ દ્વારા ભક્તિનાં એ પરમભાવ સુધી પહોંચીને ભક્તિ યોગ થકી આ સાતમા અને અંતિમ ચક્રને જાગૃત કરીને નવદુર્ગા ના નવમા સ્વરૂપ સિદ્ધી દાત્રીને પ્રણામ કરી, આ કળિયુગી બુદ્ધિને કારણે મલિન થયેલાં માનસમાં રામનવમી એ રામને જન્માવીએ. જય ભવાની.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### દૂષણને ડામવાના પ્રયાસો અનેક પરંતુ સફળતા નહિવતઃ વ્યાજંકવાદ સામે વધુ એક ઝુંબેશ

# એક લાખના અઢી દીધા છતા ત્રણ લાખની માંગણી

## બે વર્ષ સુધી વ્યાજ દીધું હવે ન ચુકવતાં સતત ગાળો દેવાનું હેરાન કરવાનું ચાલુ કર્યુઃ મોરારીનગરના યુવાનની એફઆઈઆર ભક્તિનગર પોલીસે દાખલ કરી

રાજકોટ,તા.૨૫

વ્યાજંકવાદ એવુ દૂષણ છે જેને નાબુદ કરવા પોલીસ સતત પ્રયાસો કરે છે પરંતુ દૂષણ દૂર થતું નથી. વધુ એક વખત પોલીસે વ્યાજખોરીને ડામવા કમર કસી છે જેના ભાગરૂપે લોક દરબાર યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ફસાયેલા લોકોએ ઉમટી પડી પોલીસ સમક્ષ વ્યથા ઠાલવી હતી. આ દરમિયાન એક વ્યાજખોરી મામલે ભક્તિનગર પોલીસમાં એફઆઈઆર દાખલ થઇ છે. કારખાનામાં મજૂરી કરતાં યુવાને કેન્સરગ્રસ્ત માતાની સારવાર માટે પરિચીત શખ્સ પાસેથી દસ ટકે એક લાખ લઇ બે લાખ ચાલીસ હજાર ચુકવ્યા છતાં આ શખ્સ ધરાયો ન હોઇ વધુ ત્રણ લાખ માંગી સતત ગાળો દઇ ઉઘરાણી કરતો હોઇ યુવાન એફઆઇઆર નોંધાવવા મજબૂર થયો હતો.




વિગતો પર નજર કરીએ તો વ્યાજખોરીમાં ફસાયેલા લોકોને તેમાંથી બહાર કાઢવા અને જે લોકોએ ફરિયાદ નથી નોંધાવી તેની વિગતો સાંભળવા ગઇકાલે શહેર પોલીસનો લોક દરબાર યોજાયો હતો. જેમાં અલગ અલગ લોકોએ પોતાની વ્યથા ઠાલવી હતી. આ દરમિયાન મની લેન્ડ એક્ટનો એક ગુનો દાખલ થયો છે. જેમાં મોરારીનગરના યુવાને માતાની કેન્સરની સારવાર માટે જુના પરિચીત પાસેથી ૧ લાખ ૧૦ ટકે લઇ ૨,૪૦,૦૦૦ ચુકવી દીધા છે છતાં આ શખ્સ વધુ ૩ લાખ માંગી હેરાન પરેશાન કરે છે તેથી આ વિગતો સાથે એફઆઈઆર દાખલ કરાવી છે. આ બનાવમાં ભક્તિનગર પોલીસે બાબરીયા કોલોની રોડ મોરારીનગર-૪માં રહેતાં પિસ્તાલીસ વર્ષના દીપકભાઇ કાનજીભાઇ પેઢડીયાની ફરિયાદ પરથી લેઉવા પટેલ સોસાયટી-૮માં રહેતાં શબ્બીરભાઇ મશીયા વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી છે.

ભોગ બનેલા દીપકભાઇ પેઢડીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને અટીકા ઇન્ડસ્ટ્રીઝ વિસ્તાર-૯માં આવેલા ઇશ્વર વોચ ગ્લાસ નામના કારખાનામાં મજૂરી કરી ગુજરાન ચલાવુ છું. તેણે વધુમાં જણાવ્યું છે કે મારા માતાને કેન્સરની બીમારીની સારવાર ચાલુ હોઇ જેથી આજથી ત્રણેક વર્ષ પહેલા મારે પૈસાની જરૂરીયાત ઉભી થતાં અગાઉ હું પટેલનગર શેરી ન- ૦૨ એચ.કે. મેટલ્સમા કામ કરતો હતો ત્યારે ત્યા મારી સાથે કામ કરતા શબ્બીર મશીયા સાથે મારી ઓળખાણ થઇ હતી. તેને મેં મારા મમ્મીની સારવાર માટે પૈસાની જરૂરીયાત છે તેમ વાત કરતા તેણે મારો મીત્ર વ્યાજનુ કરે છે હુ તેની પાસેથી પૈસા લઇ આપુ તેમ વાત કરેલ હતી. આ વાત થયાના બીજા દીવસે અમે પટેલનગર સોસાયટી શેરી નં. ૨ ખાતે ગયા હતાં.

જ્યાં શબ્બીરે મને ૧ લાખ રોકડા આપી કહેલું કે આ રકમ તેણે તેના મિત્ર પાસેથી લઇને આપી છે. જેનું દર મહિને ૧૦ ટકા વ્યાજ આપવું પડશે, તું આ રકમ મને આપજે હું મિત્રને આપી દઇશ. ત્યારબાદથી દર મહીને મે લીધેલ ૧ લાખ નુ ૧૦ હજાર વ્યાજ હું આ શબ્બીરને ચુકવતો હતો. મારી પરિસ્થિતિ ખરાબ હોવા છતા આ શબ્બીર અવાર નવાર પરાણે મારી પાસે વ્યાજના પૈસા માંગતો હતો. મેં તેને બે વર્ષ સુધી માસીક રૂ. ૧૦,૦૦૦ લેખે કુલ રૂ ૨,૪૦,૦૦૦ રોકડાથી અને ગૂગલ પેથી ચુકવી દીધા હતાં. બાદમાં હુ વ્યાજ ચુકવી શકુ તેમ ન હોય જેથી મે વ્યાજ ચુકવવાનુ બંધ કરી દીધેલ હતુ. ત્યારબાદ આ શબ્બીરભાઇ અવાર નવાર મને વ્યાજ તથા મુડી ચુકવી આપવાનુ કહેતો હતો.

પરંતુ મારી પરિસ્થિતિ ખરાબ હોઇ જેથી ચુકવી શકુ તેમ નથી તેમ વાત કરતા આ શબ્બીર મને જેમ ફાવે તેમ બોલતો હતો. હજુ પણ શબ્બીર વારંવાર ફોન કરી ચડત વ્યાજ તથા મુડી સહીતના રૂ. ૩,૦૦,૦૦૦ ચુકવવા પડશે તેમ કહી અવાર નવાર ગાળો કાઢે છે. શબ્બીરે જે તે વખતે તેના મીત્ર પાસેથી રૂપીયા લઇને મને આપ્યા હોવાનું કહ્યું હતુ પરંતુ મેં તે વારંવાર એવુ કહેલું કે જેણે રૂપિયા આપ્યા છે તેની સાથે મુલાકાત કરાવ. પરંતુ તેણે મને તેના મિત્રને મળાવ્યો નથી અને બહાના કાઢે છે. જેથી મને જાણવા મળ્યું હતું કે આ રૂપિયા તેણે તેના કોઇ મિત્ર પાસેથી લઇને નહિ પણ પોતે જ આપ્યા છે. મારા માતાની કેન્સરની બિમારીની સારવાર માટે મેં બે વર્ષ પહેલા રૂ. ૧,૦૦,૦૦૦ રોકડા લઇ ૧૦ ટકા વ્યાજ લેખે તેને ૨,૪૦,૦૦૦ ચુકવ્યા છે છતાં તે વધુ વ્યાજ-મુડી સહિત ૩,૦૦,૦૦૦ની ઉઘરાણી કરી ગાળો દઇ હેરાન કરે છે. તેમ વધુમાં દીપકભાઇએ જણાવતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સ. મયુરધ્વજસિંહ સરવૈયાની રાહબરીમાં પીએસઆઇ જે. જે. ગોહિલે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આગામી સમયમાં વધુ આવા ગુના નોંધાવાની શક્યતા છે.

### સૌથી વધુ બિહારમાં ૧૯, રાજસ્થાનમાં ૧૮ ને ઉત્તરપ્રદેશમાં ૧૫ કસ્ટોડિયલ મૃત્યુના કેસ

# નવા વર્ષના ૭૪ દિવસમાં ૧૭૦ કસ્ટોડિયલ ડેથ

## રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા સંકલિતમાહિતી કેન્દ્ર સરકારે સંસદમાં કરી જાહેર



નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્ર સરકારે મંગળવારે સંસદને માહિતી આપી હતી કે ૨૦૨૬ ના પહેલા ૭૪ દિવસમાં (૧ જાન્યુઆરી થી ૧૫ માર્ચ) સમગ્ર ભારતમાં કુલ ૧૭૦ કસ્ટોડિયલ મૃત્યુના કેસ નોંધાયા હતા. ગૃહ મંત્રાલય દ્વારા શેર કરાયેલ આ ડેટા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા સંકલિત રાજ્યવાર માહિતી પર આધારિત છે.

આ આંકડાઓ અનુસાર, પાછલા નાણાકીય વર્ષની તુલનામાં કસ્ટોડિયલ મૃત્યુમાં વધારો થયો છે. ૨૦૨૪-૨૫માં, ૧૪૦ કેસ નોંધાયા હતા, જ્યારે અગાઉના વર્ષોમાં ૨૦૨૩-૨૪માં ૧૫૭ કેસ, ૨૦૨૨-૨૩માં ૧૬૩ અને ૨૦૨૧-૨૨માં ૧૭૬ કેસ નોંધાયા હતા. રાજ્યવાર ડેટા દર્શાવે છે કે ૨૦૨૬ માં અત્યાર સુધીમાં બિહારમાં સૌથી વધુ ૧૯ કેસ કસ્ટોડિયલ મૃત્યુ નોંધાયા છે, ત્યારબાદ રાજસ્થાન (૧૮) અને ઉત્તર પ્રદેશ (૧૫) આવે છે. પંજાબ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૧૪-૧૪ કેસ નોંધાયા છે.

દક્ષિણ રાજ્યોમાં, તમિલનાડુમાં સાત, તેલંગાણામાં પાંચ, અને કર્ણાટક અને કેરળમાં ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે. પૂર્વ ભારતમાં, પશ્ચિમ બંગાળમાં સાત, જ્યારે ઓડિશામાં નવ કેસ નોંધાયા છે. ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં, આસામમાં પાંચ અને અરુણાચલ પ્રદેશમાં ત્રણ કેસ નોંધાયા છે, જ્યારે મિઝોરમ અને સિક્કિમ જેવા રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ સાથે, આ સમયગાળા દરમિયાન કોઈ કસ્ટોડિયલ મૃત્યુ નોંધાયા નથી.

કેન્દ્રશાસિત પ્રદેશોમાં, દિલ્હીમાં ચાર કેસ નોંધાયા છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૨૬ માં અત્યાર સુધી કોઈ કેસ નોંધાયા નથી. આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરીમાં એક-એક કેસ નોંધાયો છે. એકંદરે, ડેટા રાજ્યોમાં નોંધપાત્ર તફાવત દર્શાવે છે પરંતુ પાછલા વર્ષની તુલનામાં ચાલુ વર્ષમાં કસ્ટોડિયલ મૃત્યુમાં વધારો દર્શાવે છે. માનવાધિકારના અનેક અહેવાલો જણાવે છે કે દલિતો, આદિવાસી, મુસ્લિમો અને અન્ય ગરીબ સમુદાયો કસ્ટોડિયલ હિંસા, ત્રાસ અને મૃત્યુથી અપ્રમાણસર રીતે પ્રભાવિત થાય છે. જેના કારણોમાં ગરીબી (લાંચ આપવા અથવા જામીન મેળવવામાં અસમર્થતા), ચોક્કસ વિસ્તારો/સમુદાયોમાં લક્ષિત પોલીસિંગ, નાના ગુનાઓ માટે ધરપકડમાં પક્ષપાત અને કાનૂની સહાય અથવા મીડિયા ધ્યાનની નબળી પહોંચનો સમાવેશ થાય છે. ગ્લોબલ ટોર્ચર ઈન્ડેક્સ ૨૦૨૫: ઈન્ડિયા ફેક્ટશીટ મુજબ, ભારતમાં કાયદા અમલીકરણ અધિકારીઓ ધરપકડ પહેલાં અને દરમિયાન માહિતી મેળવવા માટે નિયમિતપણે ગેરકાયદેસર પદ્ધતિઓ, જેમ કે મારપીટ અને ધમકીઓનો ઉપયોગ કરતા હોવાનું નોંધાયું છે. હથિયારોના દુરુપયોગથી ગંભીર ઇજાઓ અને મૃત્યુ પણ થયા છે, જે દલિતો, આદિવાસી, મુસ્લિમો, ક્શ્ર્ઇઝચઈઅ+ વ્યક્તિઓ, સ્થળાંતરિત કામદારો અને બેઘર વ્યક્તિઓ સહિત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને અપ્રમાણસર રીતે અસર કરે છે. આ જૂથોને વારંવાર ગંભીર શારીરિક શોષણ, આક્રમક શારીરિક શોધ અને ભેદભાવપૂર્ણ પોલીસિંગ પ્રથાઓનો સામનો કરવો પડે છે.

આ અહેવાલમાં બિનસત્તાવાર અટકાયત સ્થળો, જેમ કે ત્યજી દેવાયેલ મકાનો, સરકારી કચેરીઓ અને હોટલ રૂમોના ઉપયોગ પર પણ વાત કરવામાં આવી છે, જ્યાં અટકાયતીઓને કથિત રીતે હિંસા, ધાકધમકી અને અન્ય પ્રકારના દુર્વ્યવહારનો ભોગ બનવું પડે છે જેથી બળજબરીથી કબૂલાત કરાવી શકાય. ફેબ્રુઆરીમાં, સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર નિષ્ણાતોએ ભારતમાં કથિત કસ્ટોડિયલ મૃત્યુ, ત્રાસ અને ન્યાયિક હત્યાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી, અને સરકારને તાત્કાલિક અને સ્વતંત્ર તપાસ શરૂ કરવા વિનંતી કરી હતી. એક નિવેદનમાં, નિષ્ણાતોએ સરકારને કાયદા અમલીકરણ એજન્સીઓને સેંકડો ન્યાયિક હત્યાઓ, ત્રાસ-સંબંધિત મૃત્યુ અને હજારો ઇજાઓ સાથે સંકળાયેલા નસ્ત્રચિંતાજનક આરોપોસ્ત્રસ્ત્ર ની તપાસ કરવા હાકલ કરી હતી. તેઓએ પોલીસ પ્રથાઓને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો સાથે સંરેખિત કરવા માટે વ્યાપક સુધારાઓની પણ ભલામણ કરી હતી. આ આરોપો કાયદા અમલીકરણ હિંસાનું ચિત્ર દર્શાવે છે જે પ્રણાલીગત છે. નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે, આવી ક્રિયાઓ જીવનના અધિકાર, ત્રાસ પર સંપૂર્ણ પ્રતિબંધ અને બિન-ભેદભાવના સિદ્ધાંતનું ગંભીર ઉલ્લંઘન છે, જે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ મૂળભૂત ધોરણો માનવામાં આવે છે. નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી હતી કે અમુક પોલીસ પ્રથાઓ યોગ્ય પ્રક્રિયાને અવગણતી હોય તેવું લાગે છે. દરેક ઘટનાની તાત્કાલિક, સ્વતંત્ર અને પારદર્શક રીતે તપાસ થવી જોઈએ. નિષ્ણાતોના મતે, વિશ્વસનીય માહિતી પોલીસ દ્વારા બળના અતિશય અને ઘણીવાર ઘાતક ઉપયોગના પેટર્ન તરફ નિર્દેશ કરે છે, ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને આસામ જેવા રાજ્યોમાં કથિત નસ્ત્રએન્કાઉન્ટરસ્ત્રસ્ત્ર અને નસ્ત્રઅર્ધ-એન્કાઉન્ટરસ્ત્રસ્ત્ર હત્યાઓ, તેમજ કસ્ટોડિયલ ત્રાસનો સમાવેશ થાય છે જેમાં મુસ્લિમો, દલિતો અને આદિવાસીઓ સહિત પછાત સમુદાયો આવી આવી પ્રથાઓથી અપ્રમાણસર રીતે પ્રભાવિત થયા છે.



### રાજકોટમાં પેટ્રોલ-ડીઝલની અછતની અફવા ફેલાવવા મામલે

# ડીલર એસોસિએશનના પ્રમુખ ચુડાસમા સામે ગુનો

**પેટ્રોલ-ડીઝલ ડીલર એસોસિએશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાએ જાહેરમાં પેટ્રોલ પંપ પર પેટ્રોલનો સ્ટોક પતી ગયો હોવાનું નિવેદન આપતા આઈઓસીના સેલ્સ હેડ દ્વારા પોલીસમાં ફરિયાદ**

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલની અછત હોવાની અફવાના પગલે રાજ્યભરના પેટ્રોલ પંપો પર વાહન ચાલકો ઉમટી પડતા અરાજકતા સર્જાઈ હતી. એવામાં પેટ્રોલ-ડીઝલની અફવા ફેલાવીને લોકોમાં ગભરાટ ઉભો કરવા મામલે રાજકોટમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા પેટ્રોલ-ડીઝલ ડીલર એસોસિએશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન લિમિટેડ (ઈઘઈક) રાજકોટના સેલ્સ હેડ અમિત જયસ્વાલ વિરુદ્ધ દ્વારા પેટ્રોલ-ડીઝલ ડીલર એસોસિએશનના પ્રમુખ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આ ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ગોપાલ ચુડાસમા દ્વારા જ તાજેતરમાં જ જાહેરમાં એવું નિવેદન આપવામાં આવ્યું હતું કે, પેટ્રોલ પંપ પર પેટ્રોલનો સ્ટોક ખતમ થઈ ગયો છે. એસોસિએશનના પ્રમુખના આ પ્રકારના ખોટા નિવેદનના કારણે સામાન્ય જનતા ગેરમાર્ગે દોરાઈ હતી.

આ અફવા વાયુવેગે પ્રસરતા શહેરીજનોમાં ભારે પપેનિકથ (ગભરાટ) શરૂ થયું હતું. જેના પરિણામે ઈંધણ ખલાસ થઈ જવાના ડરથી વાહનચાલકોની શહેરના વિવિધ પેટ્રોલ પંપ પર ભારે ભીડ ઉમટી પડી હતી અને ઈંધણ ભરાવવા માટે વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

કંપનીના અધિકારીઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, જ્યારે અગાઉ રજૂઆત કરવામાં આવી હતી, ત્યારે જ ગોપાલ ચુડાસમા સહિતના અન્ય આગેવાનોને કંપની તરફથી સ્પષ્ટપણે જણાવી દેવામાં આવ્યું હતું કે, કંપની પાસે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. પૂરતો જથ્થો હોવાની સત્તાવાર જાણકારી હોવા છતાં ખોટું નિવેદન આપીને અફવા ફેલાવવા બદલ આ કડક પગલું ભરવામાં આવ્યું છે.

# રામ નવમીની ચાર શોભાયાત્રા માટે ૭૦૦ પોલીસનું કવચ



**સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું ફુટ પેટ્રોલિંગ સાથે ડ્રોનથી કરાશે નિરીક્ષણ**

રાજકોટ, તા.૨૫

રાજકોટ રામનવમીની ઉજવણીને લઈને પોલીસ એકશનમાં આવી છે. શહેરમાં આજરોજ રોજ અલગ અલગ વિસ્તારોમાંથી ૪ જેટલી શોભાયાત્રા નીકળશે. શહેરમાં રામનવમીની દિવસે શોભાયાત્રામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્તની તૈયારી કરી છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ડ્રોનથી નજર રાખવામાં આવશે તેમજ શહેરમાં શાંતિપૂર્ણ માહોલમાં રામનવમીની ઉજવણી થાય તેને લઈને સ્થાનિક પોલીસ મથકના સ્ટાફ સહીત ૭૦૦ થી વધુ પોલીસ જવાન તૈનાત કરવામાં આવશે.

શહેર પોલીસ રામનવમીની નીકળનાર ૪ શોભાયાત્રાને લઈને સઘન તૈયારી કરી છે. શહેર પોલીસ દ્વારા હાલમાં ચાલતાં ચેત્રનવરાત્રિ તેમજ આગામી રામનવમી વિગેરે તહેવારોની ઉજવણીમાં કોઈ ભંગ ના પડે માટે સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં તહેવારની ઉજવણીમાં અડચણ ઉભી કરનારા તત્ત્વો સામે ડ્રોનથી બાજ નજર રાખવામાં આવી રહી છે.

પોલીસ સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા સંબંધીત ચકાસણી હાથ ધરતા વધુ પોલીસ તૈનાત કરશે. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા સાથે ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના સુપરવિઝન હેઠળ એસીપી,પી.આઈ,પીએસઆઈ સહીત ૭૦૦થી વધુ પોલીસ સ્ટાફ તૈનાત રહશે. શહેરમાં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા ડ્રોનથી ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનની મદદથી નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રામ નવમી પર્વે શહેરના રાજમાર્ગો ઉપરથી ભગવાન રામની કુલ ૪ શોભાયાત્રાઓ પસાર થવાની છે.

તે દિવસે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા વ્યૂહાત્મક પોલીસ બંદોબસ્તની રચના કરાઈ છે. જેના ભાગરૂપે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ કાફલા સાથે ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનના પી.આઈના અધ્યક્ષ સ્થાને મુસ્લિમ સમાજ તેમજ ધાર્મિક સંગઠનોના અગ્રણીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

રામનવમીના તહેવારને ધ્યાને રાખી પોલીસ દ્વારા અગાઉથી જ શાંતિ સમિતિની મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ તહેવાર કોમી એખલાસના વાતાવરણમાં ઉજવાય તે માટે લોકોને સમજ આપવામાં આવી હતી. પોલીસ દ્વારા સોશિયલ મીડિયા ઉપર વોચ રાખવા સાયબર ક્રાઈમની ટીમના જવાબદારી સોપાઈ છે. સાયબર ક્રાઈમ સોશિયલ મીડિયા ઉપરની તમામ હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે.

### ક્રાઈમ બ્રાંચ અને એસઓજીનું સઘન ચેકિંગ

રામનવમીના તહેવારને લઇ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે આજ સવારથી શહેરના અલગ અલગ વિસ્તારમા તેમજ સ્થાનિક પોલીસ ઉપરાંત,ક્રાઈમ બ્રાંચ, એલ.સી.બી., એસ.ઓ.જી. પેરોલ ફર્લો સ્કોડની અલગ-અલગ ટીમોએ બસ સ્ટેશાન, રેલવે સ્ટેશન જેવા વિગેર વિસ્તારોમાં વાહન ચેકીંગ શરૂ કર્યું છે. આજે મોડી રાત સુધી પોલીસ ચેકિંગ ચાલુ રહેશે તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ફટ પેટ્રોલિંગ કરશે ફુટ પેટ્રોલીગ તથા વાહન ચેકીંગમાં ડ્રોન કેમેરા, તથા બોડીવોર્ન કેમેરા તથા બ્રેથ એનાલાઈઝરનો ઉપયોગ કરવામાં આવશે તેવું પોલીસ તંત્રએ તાકીદ કરી છે.

અમારા ભત્રીજા સાથે શું કામ ઝઘડો કર્યો હતો? તમારા કારણે અમારા દિકરાની નોકરી ગઇ કહી ધમાલ

# ઘરમાંથી દંપતિને બહાર ઢસડી પતિની હત્યા

## મોરબીના હળવદમાં જુના મનદુઃખમાં બે પરિવાર સામ સામે આવી જતાં એક પરિવારના મોભીનો જીવ ગયોઃ ત્રણને ઈજાઃ એક વાહન સળગાવી નખાયુંઃ સામ સામે એફઆઈઆર દાખલ થઈઃ જુનુ મનદુઃખ વકર્યુ અને લોહી રેડાયું

રાજકોટ,તા.૨૫

નવા જુના મનદુઃખને કારણે ઠેકઠેકાણે મારામારી થતી રહે છે. દરમિયાન મોરબી તાબેના હળવદમાં આવા જ કારણોસર બે પરિવારો વચ્ચે માથાકુટ થઇ જતાં એક દંપતિને અન્ય પરિવારના છ જણાએ મળી ઘરમાં ઘુસી માર માર્યો હતો. બાદમાં બંનેને ઢસડીને બહાર શેરીમાં લઇ જઇ ફરીથી ધોકા-પાઇપ આડેધડ ફટકારાયા હતાં. જેમાં ગંભીર ઇજાગ્રસ્ત પતિની લોથ ઢળી ગઇ હતી. પોલીસે ઘાયલ પત્નિની ફરિયાદ નોંધી હતી. સામે પક્ષે એક હુમલાખોરને પણ ઇજા થઇ હતી અને તેનું વાહન પણ સળગાવી નખાયુ હતું.

હત્યાની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો હળવદમાં જુના મનદુઃખને કારણે બે પરિવારો વચ્ચે ધમાલ મચી જતાં પોલીસે સામસામે એફઆઇઆર દાખલ કરી હતી. આ બનાવમાં હળવદ પોલીસે હળવદમાં બસ સ્ટેશન પાછળ કૃષિ વિદ્યાલયવાળી શેરીમાં રહેતાં પચાસ વર્ષના રતનબેન કાળુભાઇ પરમારની ફરિયાદ પરથી તેના જ ગામના નટુભાઇ નાનજીભાઇ પરમાર, આશિષ નટુભાઇ, રવિ નટુભાઇ, દિપક નટુભાઇ, હંસાબેન નટુભાઇ અને લત્તાબેન શૈલેષભાઇ પરમાર વિરૂધ્ધ હત્યાનો કોશિષનો ગુનો મોડી રાતે નોંધ્યો હતો.

દરમિયાન રાજકોટમાં સારવાર વખતે રતનબેનના પતિ પંચાવન વર્ષના કાળુભાઇ મોહનભાઇ પરમારનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. રતનબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે મંગળવારે સાંજે સાડા ચારે વાગ્યાના અરસામાં મારા પતિ કાળુભાઈની તબિયત ખરાબ હોય હું તથા મારી દીકરી સરોજ અને મારા દીકરા જયેશની પત્નિ મનીષાબેન અમારા ઘરે હાજર હતા. તેવામાં અમારી પાછળની શેરીમાં રહેતાં નટુભાઈ નાનજીભાઈ પરમાર તથા તેનો દીકરો આશિષ અમારા ઘરની અંદર આવેલ અને નટુભાઈના હાથમાં કુહાડી અ ને તેના દીકરા આશિષના હાથમાં લાકડાનો ધોકો હતો અને અમને કહેવા લાગેલ કે તમે ગઈ સાત તારીખે મારા ભત્રીજા વિશાલ સાથે કેમ ઝઘડો કરેલ?

આ પછી એવું કહેલુ કે તમારા કારણે મારા દીકરા આશિષની નોકરી ગયેલ છે તેમ કહી અમને ગાળો દેવા લાગેલ અને ગાળો દેવાની ના કહેતા તે બંને એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને નટુભાઈએ તેના હાથમાં રહેલ કુહાડીનો એક ઘા મારા પતિના માથામાં મારી દીધેલ અને આશિષે તેના હાથમાં રહેલા





લાકડાના ધોકાથી મારા પતિને માથાના ભાગે મારેલ જેથી મા રા પતિને બચાવવા હું વચ્ચે પડતા આશિષે લાકડાના ધોકા થી મારા જમણા પગે બે ત્રણ ઘા મારી દીધા હતાં. બાદ આ બંને મને તથા મારા પતિને ઢસડીને બહાર શેરીમાં લઈ ગયેલ અને બહાર શેરીમાં નટુભાઈના દીકરા રવિ તથા દીપક તથા તેની પત્નિ હંસાબેન તથા તેના ભાભી લતાબેન હાજર હતા.

જેમાં રવિના હાથમાં લોખંડનો પાઇપ હતો અને દિપક તથા હંસાબેન અને લતાબેન ખાલી હાથે ભા હતા. આ દરમિયાન રવિએ મારા પતિને શરીરે લોખંડનો પાઈપ મારેલ અને હંસાબેન તથા લતાબેને મને પકડી રાખેલ અને દીપક એ મને પગેથી શરીરે લાતો મારવા લાગેલ અને બાદ મારી દીકરી સરોજ તથા અમારી પુત્રવધુ મનીષા તથા પાડોશમાંથી ભેગા થયેલ માણસોએ આ લોકોના વધુ મારથી છોડાવ્યા હતાં. ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ હતા અને ભાગતા ભાગતા કહેતા ગયેલ કે આજ તો તમે બચી ગયા છો પણ હવે પછી અમારી સાથે માથાકૂટ કરી છે તો જાનથી મારી નાખીશું તેમ ધમકી આપી ભાગી ગયેલ હતા અને બાદ અમારા પાડો શી ઈશાભાઈ કરસનભાઈ પરમારે ૧૦૮ માં ફોન કરતા ૧૦૮ આવતા મને તથા મારા પતિને તેમાં બેસાડી હળવદ સરકારી હોસ્પિટલ લઈ ગયા હતાં.

ત્યાંથી વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ લઈ ગયેલ અને ત્યાંથી વધુ સારવાર અ ર્થે અહીં રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કર્યા હતાં. મને જમણા પગમાં ફેક્ચર થયાનું ડોક્ટરે કહ્યું હતું. મારા પતિ બેભાન છે. નટુભાઈ, તેની પત્નિ હંસાબેન તથા તેના દીકરા આશિષ, રવિ અને દીપક તથા નટુભાઈના ભાભી લતાબેને મને તથા મારા પતિને જાનથી મારી નાખવાના ઈરાદે કુહાડી, લાકડાનો ધોકો તથા લોખંડના પાઇપથી માર મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો. તેમ વધુમાં રતનબેને કહેતાં પીએસઆઇ એસ. એચ. ભટ્ટે ગુનો દાખલ કર્યો હતો. જો કે સવારે કાળુભાઇનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાતાં હત્યાની કલમનો ઉમેરો કરાયો હતો. હત્યાનો ભોગ બનેલા કાળુભાઇ ત્રણ બહેન અને છ ભાઇમાં નાના હતા અને સેન્ટીંગ કામ કરતાં હતાં. તેને સંતાનમાં પાંચ દિકરી અને બે દિકરા છે. રતનબેને રાજકોટ ખાતે એવુ પણ કહ્યું હતું કે અગાઉ અમારી ભાણેજની કાળુભાઇના ભાઇ શૈલેષના દિકરા વિશાલે છેડતી કરી હોઇ ત્યારે અમે તેને ઠપકો આપતાં માથાકુટ થઇ હતી. તે વખતે નટુભાઇએ ધમકી આપેલી કે અમારે સિમંત પ્રસંગ પતી જાય પછી તમારો વારો કાઢશું. આ ધમકી મુજબ જ પ્રસંગ પુરો થતાં જ નટુભાઇ સહિતનાએ આવી જીવલેણ હુમલો કર્યો હતો.

બીજી તરફ સામા પક્ષે હળવદમાં જ મલવાસ સામે જાગનાથ સોસાયટીમાં રહેતાં નટવરભાઇ નાનજીભાઇ પરમારની ફરિયાદ પરથી જયેશ કાળુભાઇ પરમાર, કાળુભાઇ મોહનભાઇ પરમાર, રતનબેન મોહનભાઇ પરમાર વિરૂધ્ધ પણ ગુનો નોંધાયો છે. નટવરભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું છુટક મજુરી કરુ છું. ૨૪મીએ બોપરે સાડા ત્રણેક વાગ્યે બાઇક હંકારી જતો હતો ત્યારે કૃષી શાળા રોડ પર જયેશ કાળુભાઇ, તેના પિતા કાળુભાઇ મોહનભાઇએ ઘરમાંથી શેરીમાં છુટા પથ્થરના ઘા કરીમ ને જોઇને કહેલું કે-તું એ જ છો ને અમારી સામે ફરિયાદ કરનાર? તેમ કહી મને પથ્થરથી ઇજા કરી હતી. તેમજ જયેશે ધોકાથી માર માર્યો હતો. જેથી મને માથામાંથી લોહી નીકળ્યું હતું. બાદ જયેશે ઘરમાંથી કોઇ કેમીકલ લાવી મારુ બાઇક જીજે૧પીજે-૮૪૮૮ સળગાવી નાંખ્યું હતું. ત્યાં મારો દિકરો આશિષ આવી જતાં આ લોકો ભાગી ગયા હતાં. આશિષ મને દવાખાખે લઇ ગયો હતો. હળવદથી વધુ સારવાર માટે સુરેન્દ્રનગર મને લઇ આવ્યા હતાં. જુનુ મનદુઃખ રાખી મારા પર હુમલો કરી મારું બાઇક આ લોકોએ સળગાવી નાંખ્યું હતું. પીએસઆઇ આર. બી. ટાપરીયાએ આ ગુનો નોંધ્યો હતો. આમ જુના મનદુઃખમાં એક પરિવારના મોભીની હત્યા થઇ ગઇ હતી.

---

પરિક્ષાનું પેપર પુરૂ કરી મિત્રો સાથે અવધના બંગલા પાસે ક્રિકેટ રમવા ગયો હતો

# પૂલમાંથી દડો લેવા જતાં વિદ્યાર્થી બન્યો કાળનો કોળીયો

## પડતર બંગલાના પડતર પૂલમાં શેવાળ હોઇ લપસી પડ્યોઃ ઓગણીસ વર્ષનો વીવીપી કોલેજનો છાત્ર માતા-પિતાનો એક જ દિકરો હતોઃ જલારામ સોસાયટીના પરિવારમાં કાળો કલ્પાંત

રાજકોટ,તા.૨૫

પરલોકમાંથી માણસને તેડુ ક્યારે ક્યાં અને કેવી રીતે આવી જાય તેની ખબર હોતી નથી. કંઇક આવી જ એક ઘટનામાં એક પરિવારના એકના એક આશાસ્પદ દિકરાનો જીવ ગયો છે. મવડી વિસ્તારમાં રહેતાં દંપતિનો ઓગણીસ વર્ષનો પુત્ર સવારે વીવીપી કોલેજમાં પેપર આપીને મિત્રો સાથે અવધના બંગલા પાસે ક્રિકેટ રમવા ગયો ત્યારે દડો બંગલા અંદર આવેલા પડતર સ્વીમિંગ પૂલમાં જતાં આ વિદ્યાર્થી દડો લેવા ગયો ત્યારે પૂલના પાણીમાં શેવાળ હોઇ તે લપસીને ડૂબી જતાં કમકમાટી ભર્યું મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના મવડી વિસ્તારના ઓમનગર પાસે રહેતો અને વીવીપી એન્જિનીયરીંગ કોલેજમાં ભણતો વિદ્યાર્થી આજે સવારે પેપર પુરૂ થયા બાદ પાંચ છ મિત્રો સાથે અવધ બંગલા નજીક



ક્રિકેટ રમવા ગયો ત્યારે દડો પડતર બંગલાના સ્વીમિંગ પૂલમાં જતાં આ છાત્ર દડો કાઢવા ગયો ત્યારે શેવાળને કારણે પગ લપસી જતાં અંદર ડુબી ગયો હતો અને મૃત્યુ થયું હતું. કરૂણતા એ છે કે યુવાન તેના માતા-પિતાનો એકનો એક દિકરો હતો. ઘટનાને પગલે માતા-પિતા સહિતના પરિવારજનો આઘાતમાં ગરક થઇ ગયા હતાં. આ કરૂણ ઘટનાની વધુ માહિતી અનુસાર મવડી વિસ્તારના ઓમનગર પાસેની જલારામ સોસાયટીમાં રહેતો ધર્મિન હિતેષભાઇ મોરીધરા-પ્રજાપતિ કે જેની ઉમર ઓગણીસ વર્ષની હતી તે સવારે દસેક વાગ્યે કાલાવડ રોડ અવધ બંગલા નજીકના મેદાનમાં મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયો ત્યારે દડો પડતર એવા અવધ બંગલામાં ગયો હતો. આ દડો લેવા માટે ફિલ્ડર તરીકે ઉભેલો ધર્મિન બંગલામાં ગયો ત્યારે દડો ત્યાંના સ્વીમિંગ પૂલમાં ભરેલા જુના પાણીમાં તરતો દેખાયો હતો. પડતર પાણી હોઇ તેમાં શેવાળ પણ જામી ગયો હતો. પણ ધર્મિન આ બાબતથી અજાણ ધર્મિન દડો લેવા આગળ વધતાં પગ લપસી જતાં અંદર પડી ગયો હતો અને ડૂબી ગયો હતો. દડો લઇને આવવામાં ધર્મિનને સમય વીતી જતાં બીજા મિત્રો ત્યાં જોવા જતાં ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડને અને ધર્મિનના વાલીઓને જાણ કરી હતી. ધર્મિનને બેભાન હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનો મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર વીવીપી એન્જિનીયર કોલેજમાં બીટેકના ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. હાલમાં તેની પરિક્ષા ચાલુ હતી. આજે ત્રીજુ પેપર આપ્યા બાદ સવારે દસેક વાગ્યે પાંચ છ મિત્રો અવધ બંગલા નજીક ક્રિકેટ રમવા ગયા હતાં. ત્યારે આ કરૂણ ઘટના બની હતી. ધર્મિનના પિતા ફર્નિચર કામ કરે છે. તે માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. આ બનાવથી મોરીધરા પરિવારમાં અને સાથી મિત્રોમાં તેમજ કોલેજ કેમ્પસમાં ગમગીની છવાઇ ગઇ હતી. માણસને કાળનું પરલોકનું તેડુ ગમે ત્યારે ગમે ત્યાં ગમે તે રીતે આવી જતું હોય છે. આ ઘટના તેની પ્રતીતિ કરાવે છે. જન્મે તેનું મોત નિશ્ચીત હોય છે પણ અકાળે આવી જતાં પરલોકના તેડા જે તે હતભાગી મૃતકના પરિવારોને કારમો આઘાત આપી જતાં હોય છે.

---

# પોણા ચાર લાખના દારૂ સાથે PCBએ રીઢો શખ્સ દબોચ્યો

## ગાંધીગ્રામના મનિષને ભક્તિનગર સ્ટેશન પ્લોટમાંથી દબોચ્યોઃ અગાઉ ૨૧ ગુનાઓમાં સંડોવણી

રાજકોટ,તા.૨૫

શહેર પીસીબીની ટીમે દારૂના ધંધાર્થીઓ પર ધોંસ યથાવત રાખી વધુ એક વખત મોટો જથ્થો પકડ્યો છે. ભક્તિનગર સ્ટેશન પ્લોટ, ઉદ્યોગનગર શેરી નંબર ૩, સરકારી આઈટીઆઈની સામે રોડ પરથી અક શખ્સને રૂ. ૩,૭૫,૬૪૮ના ૧૦૮ બોટલ સ્કોચ-વોડકાની બોટલોના જથ્થા સાથે પકડી લીધો હતો. ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો આ શખ્સ અલગ અલગ એકવીસ ગુનાઓમાં સંડોવાયેલો છે અને રીઢા છાપેલા કાટલાની છાપ ધરાવે છે.



વિગતો જોઇએ તો પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ હરદેવસિંહ રાઠોડ, સંતોષભાઇ મોરી અને પોલીસ કોન્સ્ટેબલ દેવરાજભાઇ કળોતરાને મળેલી ચોક્કસ સંયુક્ત બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે મનીષ ગીરીશભાઇ પાંઉ (ઉ.વ.૨૮-રહે. જય ભવાની કૃપા, કષ્ટભંજન મેઇન રોડ, લાખના બંગલા પાસે ગાંધીગ્રામ)ની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન પોલીસને તેની પાસેથી મોટી માત્રામાં ઇંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં એબ્સોલ્યુટ લાઈમ લેવર વોડકાની ૧૮ બોટલ, એબ્સોલ્યુટ મેન્ડરિન લેવર વોડકાની ૩૦ બોટલ, જોની વોકર બ્લોન્ડ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કીની ૪૨ બોટલ અને જેમેસન આઈરીશ વ્હીસ્કીની ૧૮ બોટલનો સમાવેશ થાય છે. કુલ ૧૦૮ નંગ મોંઘીદાટ દારૂની બોટલો જેની કિંમત રૂ૩,૭૫,૬૪૮ થાય છે અને રૂ. ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ ૩,૮૦,૬૪૮ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસ સુત્રોએ કહ્યું કે પકડાયેલ આરોપી મનીષ પાંઉનો ઇતિહાસ તપાસતા માલુમ પડ્યું છે કે તે એક રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. રાજકોટના ડી.સી.બી., ગાંધીગ્રામ, કુવાડવા રોડ, એ-ડિવિઝન, લોધીકા અને શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનમાં કુલ ૨૧ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂકયા છે. આ ગુનાઓમાં દારૂબંધીના ગુનાઓ ઉપરાંત લૂંટ, ખંડણી, છેતરપિંડી, મારામારી અને જાહેરનામા ભંગ જેવી વિવિધ કલમો હેઠળ પોલીસ ફરિયાદો થયેલી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીકની રાહબરીમાં પીસીબી પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ.જે. હુણ, પીએસઆઇ પી.બી. ત્રાજીયા, આર.કે. જાડેજા તથા એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ અને ઘનશ્યામસિંહ ચૌહાણ જોડાયા હતા.

આ ઉપરાંત કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને જયેશભાઇ ગઢવી સહિતે આ કામગીરી કરી હતી. ઝડપાયેલો શખ્સ દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ થઇ રહી છે.

---

કોઇએ મંદિરમાં જઇ વખડા ઘોળ્યા, કોઇએ ઘરે પી લીધું ઝેરઃ કોઇને નડી વાહન અકસ્માતની ઘાત

# આપઘાત-અકસ્માતમાં ત્રણ પરિવારે ગુમાવ્યા કંધોતર

## મંદિરે ઝેર પી લેનારો અઢાર વર્ષનો યુવાન પાંચ બહેનનો એક જ ભાઇ હતોઃ નર્સિંગ કર્મચારી યુવાનનું ટુવ્હીલર સ્લીપ થતાં મૃત્યુઃ ત્રીસ વર્ષના યુવાને કલેશથી કંટાળી મોત વ્હાલુ કર્યુ

રાજકોટ,તા.૨૫

અપમૃત્યુની ઘટનાઓના સિલસિલા વચ્ચે વધુ ત્રણ લોકોની જિંદગી અલગ અલગ રીતે ખતમ થઇ ગઇ છે. જેમાં એક બનાવમાં એક યુવાને મહાદેવના મંદિરે જઇ ઝર પી જિંદગી તરછોડી હતી. કારણ તો બહાર આવ્યુ નહોતું પણ આ યુવાન પાંચ બહેનનો એક જ ભાઇ અને પરિવારનો આધાર હતો. બીજી ઘટનામાં એક નર્સિંગ કર્મચારી યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી જતાં જીવ ગયો હતો. ત્રીજી ઘટનામાં ત્રીસ વર્ષના યુવાને કલેશને કારણે કંટાળી આપઘાત કરી લીધો હતો.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો અમરેલીના જેસીંગપરામાં રહેતાં અઢાર વર્ષના યુવાને ગામના મહાદેવના મંદિરે ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ યુવાનની ભુજની યુવતિ સાથે સગાઇ થઇ હતી. કરૂણતા એ છે કે આ યુવાન પાંચ બહેનનો એકનો એક ભાઇ અને પરિવાર માટે આધારસ્તંભ હતો. વધુ માહિતી અનુસાર જેસીંગપરામામં રહેતાં અઢાર વર્ષનો દેવસિંગ બહાદુરભાઇ જવ નામનો મારવાડી યુવાન ત્રેવીસમીએ સાંજે પાંચેક વાગ્યે ગામના ધારી રોડ પર કામનાથ મહાદેવ મંદિર ખાતે ઝેરી દવા પી લેતાં અમરેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ રાજકોટમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે અમરેલી સીટી પોલીસને જાણ કરતાં કાર્યવાહી કરવામાં આવી હતી. આપઘાત કરનાર દેવસિંગ પાંચ બહેનનો એકનો એક ભાઇ હતો અને પાંચમા નંબરે હતો. તે ચાની હોટેલમાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના પિતા બિમાર હોઇ પથારીવશ છે.





દેવસિંગ પરિવારનો આધારસ્તંભ હતો. તેની સગાઇ ભુજની યુવતિ સાથે થઇ હતી. જો કે તેણે આપઘાત શા માટે કર્યો? તેનાથી પરિવારજનો કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજી ઘટના જોઇએ તો અમરેલીના સરંભડા ગામે રહેતાં અને અમરેલી સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાકટ બેઝ પર નર્સિંગ કર્મચારી તરીકે નોકરી કરતાં પચ્ચીસ વર્ષના રૂષિલ ભીખુભાઇ દાફડા નામના યુવાનનું નજીકના વાંકીયા ગામ પાસે વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું. સરંભડા રહેતો રૂષિલ સોળમીએ રાતે બે વાગ્યા આસપાસ અમરેલીથી બાઈક હંકારી ઘરે આવતો હતો ત્યારે રસ્તામાં વાંકીયા પાસે અકસ્માત નડતાં ગંભીર ઇજા થઇ હતી. તેને અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

રાજકોટમા સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ બનાવથી સ્વજનો શોકમાં ગરક થઇ ગયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે અમરેલી તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રૂષિલ ત્રણ બહેન અને બે ભાઇમાં નાનો હતો અને અમરેલી હોસ્પિટલમાં નર્સિંગ કર્મચારી તરીકે નોકરી કરતો હતો. તેના પિતા છુટક સેન્ટીંગ કામની મજૂરી કરે છે. સગાના કહેવા મુજબ રૂષિલ ગયા રવિવારે નોકરીમાં રજા હોઇ બાઇક લઇ અમરેલી ફરવા ગયો હતો. રાતે પરત આવતી વખતે રસ્તામાં કોઇ વાહનની ઠોકરે ચડી જતાં અથવા સ્લીપ થઇ જતાં ઇજાઓ થઇ હતી. અમરેલી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ત્રીજી ઘટનામાં એક યુવાને આપઘાત કર્યો હતો. કાલાવડ રોડ પરના વિરડા વાજડી ગામમાં રહેતાં ત્રીસ વર્ષનારાજેશભાઇ વાલજીભાઇ મકવાણા નામના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રાજેશભાઇએ છતમાં પંખાના હુકમાં લટકી જઇ આ પગલુ ભરી લીધુ હતું. ૧૦૮ના તબિબે તેને મૃત જાહેર કરતાં યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઇ મુકેશભાઇ પી. ચરમટાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. રાજેશભાઇને બે સંતાને છે. હાલ તેના પત્નિ રીસામણે છે. કલેશને કારણ પગલુ ભર્યાની પ્રાથમિક વિગતો બહાર આવી હતી. પોલીસે વધુ તપાસ યથાવત રાખી હતી. આમ ત્રણ પરિવારે અલગ અલગ કારણોસર પોતાના યુવાન કંધોતર ગુમાવ્યા હતાં.

### સોશિયલ મિડીયાથી અજાણ્યા સાથે મિત્રતા કરતાં પહેલા સો વખત વિચાર કરવો પડે તેવી ઘટના

# સાજીદે અભિષેક બની છાત્રા પર આચર્યુ દૂષ્કર્મ

## ઈન્સ્ટાગ્રામથી સોળ વર્ષની બાળાને મિત્ર બનાવી પછી પ્રેમજાળમાં ફસાવીઃ આઇની મદદથી આઇકાર્ડમાંથી મુસ્લિમ નામ હટાવી હિન્દુ નામ ઉમેર્યુ: આ નકલી કાર્ડથી હોટેલમાં રૂમ બૂક કરાવ્યોઃ હવસખોર ભાગે એ પહેલા ઝડપી લેવાયોઃ તેને મદદ કરનારા ચારને પણ પોલીસે દબોચી લીધા

રાજકોટ,તા.૨૫

સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી સગીરાઓ, વિદ્યાર્થીનીઓને મિત્રતા અને પ્રેમની કહેવાતી જાળમાં ફસાવીને લેભાગુઓ તેનું શોષણ કરતાં હોય છે. વધુ એક આવા કિસ્સાએ ચકચાર જગાવી છે. ધોરણ બારમાં ભણતી છાત્રાને સાજીદ નામના શખ્સે અભિષેક બનીને ફસાવી હતી અને હોટેલમાં પણ અભિષેક ગુપ્તાના નામે આઇકાર્ડ બતાવી એન્ટ્રી મેળવી દૂષ્કર્મ આચરી લીધુ હતું. આ કિસ્સો પોલીસ સમક્ષ આવતાં પોલીસે તુરત કાર્યવાહી કરી સાજીદને ઝડપી લેતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. છાત્રાઓ માટે આ વધુ એક કિસ્સો લાલબત્તી સમાન બની રહ્યો છે. ગમે તેની સોથ સોશિયલ મિડીયા પર મિત્રતા કરતાં પહેલા સો વખત વિચાર કરવો જોઇએ તે બાબત આ ઘટના પરથી સામે આવી છે. ચોંકાવનારી વાત એ છે કે આ શખ્સે પોતાનું આઇકાર્ડનું નામ બદલવા માટે એઆઇ ટેક્નોલોજીનો દુરૂપયોગ કર્યો હતો!

વિગતો પર નજર કરીએ તો સુરતના ઈચ્છાપોરમાં ધોરણ બારની વિદ્યાર્થિનીને સોશ્યલ મીડિયા થકી ફસાવી દુષ્કર્મ ગુજારવાના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસે મુખ્ય આરોપી મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ પઠાણ સહિત તેના ૪ સાગરીતોની ધરપકડ કરી છે. જેમાં અભયકુમાર શર્મા નામના શખ્સે એઆઇ એપની મદદથી આરોપીનું નામ બદલી અભિષેક ગુપ્તા નામે નકલી આધારકાર્ડ બનાવ્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે પોક્સો અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આગળ ધપાવી છે. વિશેષ વિગતો જોઇએ તો સુરતના ઈચ્છાપોરમાં રહેતી અને ધોરણ બારમાં અભ્યાસ કરતી સોળ વર્ષીય સગીરાને મૂળ બિહારના અને હાલ સુરતમાં રહેતા મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ પઠાણે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પોતાની જાળમાં ફસાવી હતી.



પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપીએ સગીરાને મિત્રતા અને પ્રેમની વાતોમાં ભોળવી વિશ્વાસ જીત્યો હતો. યુપીની વતની એવી આ કિશોરી આરોપીની બદદાનતથી અજાણ હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલી આ વાતચીત અંતે એક ગંભીર ગુનામાં પરિણમી હતી. પોલીસ તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે આરોપીને મદદ કરવામાં તેના મિત્ર અભયકુમાર પ્રદીપ શર્માની મુખ્ય ભૂમિકા હતી. અભયકુમાર શર્માએ પોતાના મોબાઈલમાં રહેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશનનો ઉપયોગ કરીને મોહમ્મદ સાજીદના આધારકાર્ડમાં છેડછાડ કરી હતી. તેણે મુસ્લિમ નામ હટાવીને અભિષેક ગુપ્તા જેવું હિન્દુ નામ એડિટ કરી આપ્યું હતું. આ નકલી ઓળખપત્રનો ઉપયોગ કરીને આરોપીએ હોટેલમાં એન્ટ્રી મેળવી હતી અને સગીરાની ઉંમર પણ ખોટી રીતે વધારીને દર્શાવી હતી.

ત્યારબાદ નકલી આધારકાર્ડમાં અભિષેક ગુપ્તા નામનો ઉપયોગ કરી આરોપી મોહમ્મદ સાજીદ સગીરાને સુરતની એક હોટેલમાં લઈ ગયો હતો. હોટેલ સંચાલકોને હિન્દુ નામનું આઈડી બતાવીને તેણે રૂમ ભાડે રાખ્યો હતો. ત્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ અવાર-નવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાને અંધારામાં રાખીને અને સમાજમાં ખોટી ઓળખ આપીને આચરવામાં આવેલા આ કૃત્યની જાણ જ્યારે સગીરાના વાલીઓને થઈ, ત્યારે તેઓએ તુરંત જ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં નરાધમ સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ કમિશનરે તુરંત તપાસના આદેશ આપ્યા હતા.

આ બનાવમાં ઈચ્છાપોર પોલીસ મથકના પોલીસ ઇન્સપેકટર એ.સી. ગોહિલની ટીમે આ મામલે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોને સક્રિય કર્યા હતા. પોલીસને માહિતી મળી હતી કે મુખ્ય આરોપી ધરપકડના ડરથી પોતાના વતન બિહાર ભાગી જવાની તૈયારીમાં છે. પોલીસે સમયસૂચકતા વાપરીને નાકાબંધી કરી અને આરોપી મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ પઠાણને ટ્રેન પકડવા જાય તે પહેલા જ દબોચી લીધો હતો અને કોર્ટમાં રજૂ કર્યો હતો. આ ગુનામાં અન્ય એક આરોપી મોહમ્મદ ખુરશીદ ઉર્ફે સુશીલ રાયનની પણ સંડોવણી બહાર આવી છે. ખુરશીદ સગીરા અને આરોપી વચ્ચે મેસેન્જર તરીકે કામ કરતો હતો. જ્યારે સગીરા આરોપી સાથે વાત ન કરતી હોય ત્યારે ખુરશીદ વચેટિયા તરીકે રહીને તેઓનો સંપર્ક કરાવી આપતો હતો. એટલું જ નહીં, તેણે જ આરોપીને દુષ્કર્મ માટે સુરક્ષિત હોટેલ શોધી આપવામાં મદદ કરી હતી.

પોલીસે ખુરશીદની ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરી છે કે તેણે અગાઉ અન્ય કોઈને મદદ કરી છે કે કેમ. જ્યારે પોલીસ ફરિયાદ નોંધાઈ ત્યારે મુખ્ય આરોપીને નાસી છૂટવામાં તેના સગા ભાઈ મોહમ્મદ તાબીશ પઠાણે પૂરેપૂરો સાથ આપ્યો હતો. તાબીશને ખબર હતી કે તેના ભાઈએ સગીરા સાથે જઘન્ય અપરાધ કર્યો છે, તેમ છતાં તેણે કાયદાની પકડમાંથી બચાવવા માટે વાહનોની વ્યવસ્થા કરી આપી હતી. ભાઈને સુરતની બહાર સુરક્ષિત રીતે કાઢવા માટે તેણે કરેલી આ મદદ બદલ પોલીસે તેની પણ ધરપકડ કરી છે. લોહીના સંબંધોનો દુરૂપયોગ કરી ગુનામાં સાથ આપનાર તાબીશ હવે જેલના સળિયા પાછળ છે. આ કેસમાં પાંચમો આરોપી જામીર રાજા શમસુલ શેખ છે, જે પણ ઈચ્છાપોર વિસ્તારમાં જ રહેતો હતો. જામીર રાજાએ મુખ્ય આરોપીને પોલીસની હિલચાલ વિશે અપડેટ આપવાનું અને તેને છુપાઈ રહેવા માટે જગ્યા પૂરી પાડવાનું કામ કર્યું હતું.

પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ આખી ટોળકી એકબીજાના સંપર્કમાં હતી અને સગીરાને ટાર્ગેટ કરવામાં મોહમ્મદ સાજીદને દરેક તબક્કે મદદ કરતી હતી. જામીરની ધરપકડ સાથે પોલીસે આ કેસમાં મદદગારી કરનારા તમામ કડીઓને જોડી દીધી છે. પોલીસે આ કેસમાં માત્ર દુષ્કર્મ જ નહીં પરંતુ નકલી દસ્તાવેજો બનાવવા બદલ છેતરપિંડી અને આઈટી એક્ટની કલમો પણ ઉમેરી છે. ડિજિટલ યુગમાં ટેકનોલોજીનો આવો દુરૂપયોગ પોલીસ માટે પણ એક નવા પડકાર સમાન સાબિત થયો છે. પોલીસે ભોગ બનનાર સોળ વર્ષીય સગીરાનું મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન નોંધાવવાની તજવીજ કરી કાઉન્સેલિંગ પણ આપવામાં આવ્યું છે.

---

### વધુ એક વખત પોલીસે સાબિત કર્યુ કે કાનૂન કે હાથ લંબે હોતે હૈ

# ત્રીસ લાખનું ફ્રોડઃ મહિલા ઠગ બે દસકા બાદ ઝડપાઇ

## ડેટા એન્ટ્રીના નામે કારસ્તાન આચરી છૂમંતર થઇ ગઇ હતીઃ આરોપીને પકડીને પોલીસ રાજી, પણ ભોગ બનનારને નાણા પરત મળશે કે કેમ? તે મોટો સવાલઃ મોટા ભાગના આવા કિસ્સામાં આરોપી પકડાયા પછી પણ ફરિયાદીને પાછુ નથી મળતું ફદીયુંય

રાજકોટ,તા.૨૫

ગુનેગાર ગુના આચરીને ભલે ગમે ત્યાં ભાગી જાય પોલીસ તેને એક દિવસ તો શોધી જ લેતી હોય છે. વધુ એક વખત પોલીસે એવી કામગીરી કરી છે જેના કારણે એવુ કહી શકાય કે કાનૂન કે હાથ લંબે હોતે હૈ. બે દસકા પહેલા લાખોની ઠગાઇ કરીને ભાગી ગયેલી મહિલાને પોલીસે હવે શોધી કાઢી છે. ડેટા એન્ટ્રીના નામે આ મહિલાએ ત્રીસેક લાખ ઉસેડી લીધા હતાં અને બાદમાં એક ફિલ્મનું નિર્માણ પણ કર્યુ હતું. છેતરપીંડી કરીને ભાગી ગયાના બાવીસ વર્ષ બાદ તેણીને ઝડપી લેવામાં પોલીસ સફળ થઇ છે. વોન્ટેડ એવી આ મહિલાને તો એમ જ હતું કે હવે તે જીવનભર પોલીસના હાથમાં આવવાની નથી. પરંતુ પોલીસે તેની આ ધારણ ખોટી પાડી દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો ડેટા એન્ટ્રીનું કામ અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવ્યા બાદ તેમાંથી 'સંત તુકારામ' ફિલ્મ બનાવનાર મહિલા આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાંચે મહારાષ્ટ્રના વિરાર ખાતેથી ઝડપી લીધી છે. વર્ષ ૨૦૦૪માં ત્રીસ લાખની છેતરપિંડીના ગુનામાં મહિલા આરોપી બાવીસ વર્ષથી વોન્ટેડ હતી. વડોદરા ક્રાઈમ બ્રાચના સુત્રોના જણાવ્યા અનુસાર ડેટા કન્વર્ઝન અને પ્રોસેસિંગનું કામ કરતા ફરિયાદીને અમેરિકાથી ડેટા એન્ટ્રીનું સીધું કામ અપાવવાનો મહિલા આરોપી સુનિતા રાજેશ માંડલ કે જેની ઉમર હાલ છપ્પન વર્ષ છે અને વિરાર મુંબઇ પુનમ પાર્કમાં રહે છે તેના દ્વારા વિશ્વાસ આપવામાં આવ્યો હતો.

તેણી દ્વારા આ કામ માટે બે હજાર કોમ્પ્યુટર માટે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યું હતું. આ કોન્ટ્રાક્ટની કુલ ફી રૂા. ૬૦ લાખ નક્કી કરાઈ હતી, જેની સામે ફરિયાદીએ આરોપીઓને રોકડેથી અને ચેકથી કુલ રૂા. ૪૫ લાખ ચૂકવ્યા હતા. નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ ફરિયાદીને ડેટા એન્ટ્રીનું કોઈ કામ આપ્યું ન હતું અને આ નાણાંનો ઉપયોગ 'સંત તુકારામ' નામની ફિલ્મ બનાવવા માટે કરી નાખ્યો હતો.



ત્યારબાદ ફરિયાદી દ્વારા વારંવાર માગણી કરવામાં આવતાં આરોપીઓએ રૂા.૧૫ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકીના રૂા. ત્રીસ લાખ પરત કર્યા ન હતા. આ મામલે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મુંબઈના નાલા સોપારા ખાતે પોલીસની ટીમોએ ધામા નાખ્યા બાદ બાતમીના આધારે આરોપીની દબોચી

ક્રાઈમ બ્રાંચને આરોપી મુંબઈના નાલા સોપારા ખાતે રહેતી હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસની ટીમ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ધામા નાખ્યા હતા. ત્યારબાદ બાતમીના આધારે મુંબઈના પાલઘર જિલ્લામાં વિરાર ખાતેથી આરોપી સુનિતા માંડલની ધરપકડ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગઠિયાઓ મોટાભાગે ઓનલાઈન પોર્ટલના ડેટાનો ઉપયોગ કરીને લોકોને ઘર બેઠાં નોકરી, જેમાં ડેટા એન્ટ્રીનો ફોન કરીને રૂપિયા કમાવવાની લાલચ આપી રહ્યાં છે. જ્યારે કામ આપ્યા બાદ સમયસર કામ પુરૂ થયું નથી, તેમ જણાવીને લીગલ નોટિસના બહાને રૂપિયા પડાવે છે.

આ કિસ્સામાં છેક બાવીસ વર્ષે આરોપીને ઝડપી લેવામાં તો પોલીસ સફળ થઇ છે તે સારી વાત છે. પરંતુ ફરિયાદીએ ગુમાવેલા ત્રીસ લાખ રૂપિયાનું શું? તેને આ ગુમાવેલી રકમ પાછી મળશે કે કેમ? તે મોટો સવાલ છે. મોટા ભાગના આવા કિસ્સાઓમાં પોલીસ ફ્રોડના આરોપીઓને તો પકડી લેતી હોય છે પરંતુ આરોપી કોઇને કોઇ બહાના બતાવી કાયદાની છટકબારીનો ઉપયોગ કરી જે તે નાણા ખાઇ જતાં હોવાનું જગજાહેર છે. અગાઉ પણ લાખો કરોડોના આવા ફ્રોડમાં ભોગ બનનાર ફરિયાદીઓને આરોપી પકડાયા પછી પણ પોતાની રકમ પરત મળી નહિ હોવાના દાખલા મોજુદ છે. આ કિસ્સામાં હાલ આરોપીને બાવીસ વર્ષે પકડી લઇને પોલીસ તો રાજી રાજી થઇ રહી છે, આ કામગીરી કરનાર ટીમની ઉચ્ચ અધિકારીઓએ પ્રશંસા પણ કરી દીધી છે. પરંતુ નાણા ગુમાવનાર ત્યારે જ રાજી થશે જ્યારે તેને પોતાની રકમ પાછી મળશે. આ શક્ય બનશે કે કેમ? તે સમય આવ્યે અને પોલીસની આગળની કાર્યવાહી થયા પછી ખબર પડશે.

---

### ભક્તિનગર પોલીસ મથકની ૧૧૨ને કોલ મળતાં કાર્યવાહી

# ગાયત્રીનગરમાં દારૂ ઢીંચી દેકારો મચાવતાં ત્રણ ટ્રાવેલ્સ સંચાલક પકડાયા

રાજકોટ,તા.૨૫

અમુક લોકો પીધા પછી પચાવી શકતાં નથી અને સરાજાહેર ધીંગાણે ચડે છે. આ પછી પોલીસ સ્ટેશનના લોકઅપમાં જવાની નોબત આવે છે. આવી જ એક ઘટનામાં શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ગાયત્રીનગર મેઈન રોડ પર જાહેરમાં નશો કરી બોલાચાલી કરતા ત્રણ શખ્સોને પોલીસે દબોચી નશો ઉતારી નાંખ્યો હતો. આ ત્રણેય ટ્રાવેલ્સ સંચાલકો હતાં.

વિગતો જોઇએ તો રાત્રિના સમયે કંટ્રોલ રૂમ દ્વારા ભક્તિનગર પોલીસના જનરક્ષક વાહનને કોલ મળ્યો હતો કે ગાયત્રીનગર મેઈન રોડ પર જલારામ ચોક પાસે ત્રણ વ્યક્તિઓ અંદરો અંદર બોલાચાલી કરી રહ્યા છે. આ માહિતીના આધારે ઇન્ચાર્જ પો. કોન્સ. ક્રિપાલસિંહ નીરૂભા ગોહીલ અને તેમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ત્રણેય શખ્સોને અટકાવ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન ત્રણેય શખ્સોના મોઢામાંથી કેફી પ્રવાહીની તીવ્ર વાસ આવતી હતી અને તેઓ વ્યવસ્થિત ચાલી શકતા નહોતા કે પોતાનું સંતુલન જાળવી શકતા નહોતા.

પોલીસે ત્રણેયની પુછતાછ કરી ત્યારે ત્રણેયની જીભ પણ થોથરાતી હતી. નશામાં હોવા અંગે કોઈ પાસ-પરમિટ ન મળતા પોલીસે વિરાટ પ્રતાપભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૭, રહે. ગીતાનગર), વિક્રમ અશોકભાઈ સોલંકી (ઉ.વ. ૩૮, રહે. કૃષ્ણનગર, જામનગર રોડ) અને ગૌરાંગ ભદ્રેશભાઈ પુરોહિત (ઉ.વ. ૪૨, રહે. જવાહર રોડ ગેલેક્સી હોટેલ સામે) દારૂ પીવાનો અને બખેડો કરવાનો ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

---

### નિવૃત જીવન જીવતાં પાંસઠ વર્ષિય વૃધ્ધને વ્હો્ટસએપનો ઉપયોગ કરી ફસાવાયા

# અનિતા-અનન્યાએ વૃધ્ધનું અડધા કરોડનું કરી નાંખ્યું

## બંનેએ વાતો કરી કહેવાતા ઓફિસરનો સંપર્ક કરાવ્યોઃ ક્રિપ્ટોમાં રોકાણ પર નફાની લાલચ દીધીઃ સાડા છ લાખના રોકાણ સામે ૩૬૯૭૧ ડોલરનો નફો બતાવ્યોઃ તે ઉપાડવા માટે માંગ્યો લાખોનો ટેક્સ

રાજકોટ,તા.૨૫

રોકાણ પર મોટા વળતરની લાલચમાં અનેક લોકો લપેટાઇને નાણા ગુમાવે છે. વધુ એક આવો શિકાર ગઠીયાઓએ કરી લીધો છે. જેમાં ક્રિપ્ટોમાં રોકાણ પર નફાની લાલચ દઇ પચાસ લાખ ચાલીસ હજાર સાયબર ગઠીયા ઉસેડી ગયા છે.

વિગતો પર નજર કરીએ તો કામરેજ વિસ્તારમાં નિવૃત્ત જીવન જીવતા પાંસઠ વર્ષીય વ્યક્તિને ક્રિપ્ટો અને ફોરેક્સ ટ્રેડિંગમાં ચા નફાની લાલચ આપી ૫૦.૪૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરાયાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે ભોગ બનનાર વ્યક્તિએ કામરેજ પોલીસ મથકે ત્રણ જણા સહિત અજાણ્યા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તરફથી મળતી માહિતી મુજબ નવાગામ દાદા ભગવાન કોમ્પલેક્ષમાં રહેતા રમેશ બબલદાસ પટેલને નવેક મહિના અગાઉ અનિતા પટેલ અને અનન્યા શર્મા નામની મહિલાઓએ વોટ્સએપ કોલ કરી તેમના ધંધા અંગે માહિતી મેળવી હતી.

શરૂઆતમાં હજાર રૂપિયાથી રોકાણ શરૂ કરાવી અલગ-અલગ ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવવામાં આવી હતી. ત્યારબાદ પીટર પાઉલ નામના શખ્સે પોતાને ચીફ ઓફિસર તરીકે ઓળખ આપી સંપર્ક કરી ક્રિપ્ટોમાં ચા નફાની લાલચ આપી યુએસડીટુ કમ્પાઉન્ડ કોન્ટ્રાકટના નામે લિંક મોકલી ટુકડે-ટુકડે કુલ ૮.૩૫ લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું.

ત્યારબાદ આ રકમ ઉપાડવા માટે વેરીફિકેશન ચાર્જ તરીકે ૨૩.૧૯ લાખ ભર્યા બાદ જ વિથડ્રો મળશે એવી શરત મૂકી વધુ રકમ ટ્રાન્સફર કરાવી હતી. બીજી તરફ અનન્યા શર્માએ કરાવેલા ૬.૭૦ લાખના રોકાણ સામે ૩૬,૯૭૧.૯૧ ડોલર બતાવી તેને ઉપાડવા માટે ૮.૪૦ લાખનો ચાર્જ માંગ્યો હતો. પરિસ્થિતિનો અહેસાસ થતા રમેશભાઈએ વધુ રકમ ટ્રાન્સફર કરવાની ના પાડતા તેમને એપમાંથી બ્લોક કરી દેવાયા હતા. આ



હવે ગેસ સિલીન્ડર બૂકીંગના નામે એપીકે ફાઇલ મોકલીને પણ ઠગાઇ કરવાનું કારસ્તાનઃ આવા ફ્રોડથી ચેતજો

રીતે અલગ-અલગ ખાતાઓમાં કુલ ૫૦.૪૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ બનાવ અંગે ભોગ બનનાર રમેશ પટેલે અનન્યા શર્મા, અનિતા પટેલ, પીટર પાઉલ સહિત અજાણ્યા સામે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ રીતે બચો છેતરપિંડીથી બચી શકાય છે. ચા નફાના વાયદા પર વિશ્વાસ ન કરો, અજાણી એપ કે લિંક ડાઉનલોડ ન કરો, વેરીફિકેશન ચાર્જના નામે પૈસા ન આપો, વોટ્સએપ કે ટેલિગ્રામ ઇન્વેસ્ટમેન્ટ ગ્રુપથી દૂર રહો અને શંકાસ્પદ વ્યવહાર થાય તો તરત ૧૯૩૦ પર કોલ કરો.

ઠગાઇના કારસામાં હવે ગેસ સિલીન્ડની એપીકે ફાઇલના નામે ફ્રોડ શરૂ થયુ છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે સર્જાયેલી ગેસની અછત વચ્ચે હવે સાઇબર ગઠિયાએ ઓનલાઇન ગેસ સિલિન્ડર બુકિંગના નામે છેતરપિંડી શરૂ કરી છે. સાઇબર ગઠિયા લોકોને સસ્તા ગેસ અથવા તો કોઈ પણ ઓફરના બહાને વોટ્સએપ કે ટેક્સ્ટ મેસેજથી એપીકે ફાઇલ મોકલે છે. એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કે ડાઉનલોડ કરતા જ ફોન હેક થઈ જાય છે અને તમામ ડેટા, બેંક ડિટેલ, ઓટીપી, ફોટો સહિતની માહિતી સાઇબર ગઠિયા પાસે જતી રહે છે, જેના આધારે તેઓ બેંક એકાઉન્ટ ખાલી કરી દે છે તેમ જ ફોટોનો દુરૂપયોગ કરે છે અથવા તો કોન્ટેક્ટમાં રહેલા લોકોને ફ્રોડ મેસેજ મોકલે છે.

આ બારામાં સાઇબર ક્રાઇમ પોલીસે લોકોને અપીલ કરી છે કે કોઈ પણ એપીકે ફાઇલ અથવા તો અજાણ્યા નંબર પરથી આવતી એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કે ડાઉન લોડ કરવી નહીં. ભૂલથી ઇન્સ્ટોલ થઈ હોય તો તેને અનઇન્સ્ટોલ કરી દેવી. એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કે ડાઉનલોડ કરવાથી ફોનમાં મેલિશિયસ સોટવેર ઇન્સ્ટોલ થઈ જાય છે, જે તમારી જાણ બહાર તમારા મોબાઇલ ફોનમાં ઘૂસી જાય છે અને ડેટાને નુકસાન પહોંચાડે છે અથવા તો ચોરી લે છે. હેકર્સ દૂર બેઠા બેઠા તમારા ફોનને કંટ્રોલ કરી શકે છે. તે તમારા ફોનમાંથી બીજાને મેસેજ તેમ જ કોલ પણ કરી શકે છે. મેલિશિયસ સોટવેર બેકગ્રાઉન્ડમાં સતત ચાલતા હોવાથી ફોન અચાનક હેક થઈ જાય છે, બેટરી ઝડપથી તરી જાય છે. નેટનો ડેટા જલદી પૂરો થઈ જાય છે. ફોન પણ વારંવાર ગરમ થઈ જાય છે.

સાઇબર ક્રાઇમ પોલીસના અધિકારીઓનું કહેવું છે કે, નેશનલ સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર પર ગેસ સિલિન્ડર બુકિંગના નામે છેતરપિંડી કરવામાં આવતી હોવાની ફરિયાદો આવવાની શરૂ થઈ ચૂકી છે, જેથી લોકોને સાવચેત કરવા માટે ગાઇડલાઇન બહાર પાડવામાં આવી છે. ગેસ સિલિન્ડર બુકિંગ, ઓનલાઇન ગેસ બુકિંગ, સસ્તો ગેસ અથવા તો ગેસમાં ઓફર જેવી સોશિયલ મીડિયા પર જાહેરાત કે મેસેજ જોઈને કોઈ એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કે ડાઉનલોડ કરવી નહીં. ગેસ સિલિન્ડર ઓફિશિયલ વેબસાઇટ, ઓફિશિયલ એજન્સી કે ઓફિશિયલ નંબર પરથી જ બુકિંગ કરાવવું. આ માટે કોઈ અજાણી લિંક, અજાણી વેબસાઇટ ઓપન કરવી નહીં. અજાણ્યા નંબર પરથી આવતા મેસેજનો જવાબ ન આપવો.

# રાતૈયા-અમરેલી-સુવાગ ગામના રોડ બિસ્માર

## સીસી રોડ કરવા જુના રોડ ખોદી નાખ્યા, ત્રણ મહિનાથી કામ બંધ : મેટલીંગનો નમુનો ફેલ થતાં કામ અધરતાલ





**રોડ એન્ડ બિલ્ડીંગના અધિકારીએ પાણી છાંટવાની આપી બાંહેધરી, માત્ર એકવાર કામગીરી કરી માની લીધો સંતોષ : ગ્રામજનોમાં રોષ, તાકીદે કામગીરી નહીં થાય તો રસ્તા કરાશે બંધ**

રાજકોટ, તા.૨૫

સ્થાનિક પ્રસાશન દ્વારા શહેરની સાથો સાથ તાલુકા અને જિલ્લાનો વિકાસ થાય તે માટેની અનેકવિધ યોજનાઓની સાથોસાથ માળખાગત સુવિધાઓ વિકસાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવતા હોય છે પરંતુ ક્યાંક ને ક્યાંક અણઘડ નીતિ ના કારણે જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી. રાજકોટ તથા સૌરાષ્ટ્રમાં હાલ રોડ રસ્તા નો પ્રશ્ન અત્યંત વિકટ છે જેની નોંધ રાજ્ય સરકારે પણ લીધી છે ત્યારે ફરી એક વખત એવી જ એક ઘટના સામે આવી છે. રાતૈયા ગામના ધર્મેન્દ્રસિંહે વાતચીત કરતા જણાવ્યું હતું કે ખીરસરા થી સરપદડ સુધીનો જે રસ્તો છે તેને પેવર રોડ તરીકે મંજૂર કરવામાં આવ્યો છે હાલ રાતૈયા સુધી આ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે પરંતુ આસપાસના જે ગામો છે તેને છોડતા જે રસ્તાઓ છે તેને સીસી રોડ કરવા માટેની મંજૂરી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રાતૈયા, અમરેલી તથા સુવાગ ગામો જે આવ્યા છે તેના જુના રોડ તંત્ર દ્વારા ખોદી નાખવામાં આવ્યા છે જેનું કારણ એ છે કે અહીં સી.સી રોડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે માટે ભૂતકાળમાં મેટલિંગ નું કામ કરવામાં આવ્યું હતું પરંતુ નમુના જ્યારે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા ત્યારે તે નમૂનો ફેલ થયો હતો. જે બાદ ત્રણ મહિના સુધી રોડનું કામ થઈ શક્યું ન હતું. રાતૈયા ગામના ધર્મેન્દ્રસિંહ એ જણાવ્યું હતું કે હાલ કોઈ કામગીરી તંત્ર દ્વારા કરવામાં ન આવતા અત્યારે આસપાસના લોકોને ભારે મુશ્કેલી અને હાલાકી નો સામનો કરવો પડે છે એટલું જ નહીં હાલ કોઈ પણ પ્રકારનું માર્કિંગ પણ કરવામાં આવ્યું નથી. રોડ ખોદી નાખ્યા હોવાના કારણે ડમરી નો ત્રાસ પણ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહ્યો છે અને તેનાથી આસપાસના જે લોકો છે તેઓએ હાલાકી ભોગવી પડે છે.

અનેક વખત તંત્રને રજૂઆત કરવામાં આવી છતાં તંત્ર ઘોર નિદ્રામાં નજરે પડ્યું છે. એટલું જ નહીં અધિકારીઓ માત્ર પાણીનો છટકાવ કરવાની વાત કહીને પોતાની જવાબદારીમાંથી ખસી રહ્યા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ધર્મેન્દ્રસિંહ એ માહિતી આપતા જણાવ્યું હતું કે રોડ એન બિલ્ડીંગના અધિકારી દ્વારા બાહેધરી આપવામાં આવી હતી કે જે રોડ છે જેનું કામ બાકી છે તેના પર પાણીનો છટકાવ નિયમિત કરવામાં આવશે પરંતુ માત્ર એક જ વખત કામગીરી કરવામાં આવી અને જાણે સંતોષ માની લીધો હોય તેવું ચિત્ર ઊભું થયું છે. ખરા અર્થમાં જે પણ નવો રોડ બનતો હોય તો તે કોની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવ્યો છે કઈ એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે તે પ્રકારના બેનરો લગાવવામાં અથવા તો બોર્ડ રોડની સાઈડમાં મૂકવામાં આવતા હોય છે પરંતુ આ પ્રકારની કોઈ કામગીરી કરવામાં આવી નથી જેનો મતલબ એ છે કે ક્યાંક ને ક્યાંક અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરો વચ્ચે સાઠગાંઠ છે. ધર્મેન્દ્રસિંહ એ જણાવ્યું હતું કે હાલ આ રસ્તા પર મોટા એટલે કે ભારે વાહનોનું આવન જાવન ખૂબ વધુ છે ત્યારે આવનારા દિવસોમાં જો રોડનું કામ હાથ ધરવામાં નહીં આવે તો રસ્તો બંધ કરવાની ચીમકી પણ રહેવાસીઓએ ઉચ્ચારી હતી જેની સામે અધિકારીઓએ ખાસ આ પ્રશ્નનો તાકીદે નિવારણ લાવવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું. ધર્મેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર આ અંગે રોડ બિલ્ડિંગના અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવી હતી જેમાં અધિકારીય સ્પષ્ટ કહ્યું હતું કે હાલ જે સેમ્પલ મોકલવામાં આવ્યું છે તે ફેલ થયું છે અને તેમની પાસે અન્ય કોઈ સત્તા નથી. તો સામે આસપાસ રહેતા લોકોની વ્યથા પણ વર્ણવવામાં આવી હતી કારણ કે હાલ સતત મોટા વાહનો પસાર થતા હોવાના કારણે જે રોડ છે તેમાં ત્રણ ત્રણ ફૂટના ખાડા પડી ગયા છે અને કોઈપણ સાઈન બોર્ડ ન હોવાનો કારણે ત્યાંથી પસાર થતાં નાના વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો પણ કરવો પડી શકે તેમ છે અથવા કહી શકાય કે એક્સિડન્ટ થવાની શક્યતા પણ વધુ છે. ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ તંત્ર દ્વારા નક્કર પગલું લેવામાં આવે અને ખાસ તો જે પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે તેનું તાકીદે નિવારણ આવે અને રોડને સીસી રોડ બનાવવાનું જે અધૂરું કામ છે તેને પૂર્ણ કરાય તે અંગેની રજૂઆત રહેવાસીઓ દ્વારા તંત્રને કરવામાં આવી છે ત્યારે જોવાનું રહ્યું કે તંત્ર આ બાબતે શું પગલાં લે છે.

---

# શનિવારે મુખ્યમંત્રીના હસ્તે ૬૩૨.૪૪ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

## લાલપરી બ્યુટિફિકેશન, જ્યુબિલિ શાક માર્કેટ નવીનીકરણ સહિતના કામોનું ખાતમુહૂર્ત કરશે

રાજકોટ, તા . ૨૫

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગામી તા. ૨૮મીને શનિવારે રાજકોટ આવી રહ્યા છે તેઓ લાલપરી બ્યુટિફિકેશન સહિત રૂ.૫૪૩ કરોડના ૪૦ વિકાસકામોનું ખાતમુહુર્ત અને રૈયારોડ એસટીપી સહિત રૂ. ૮૮ કરોડના ચાર કામોનું લોકાર્પણ સહિત કુલ રૂપિયા ૬૩૨.૪૪ કરોડના પ્રકલ્પોની રાજકોટની પ્રજાને ભેંટ આપશે

મુખ્યમંત્રી શનિવારે બપોરે ચાર વાગ્યા આસપાસ રાજકોટ એરપોર્ટ પર આવશે અને પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં હાજરી આપીને મહાનગરપાલિકા હસ્તકના વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. મુખ્યમંત્રીના આગમનથી વિદાય સુધી કમિશનર તુષાર સુમેરાએ અલગ અલગ ૨૪ ટીમોની રચના કરી છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થાય એ પહેલા મહાનગરપાલિકાના બજેટમાં દર્શાવાયેલા કામો અને સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરેલા કામોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવા માટે આગામી તા. ૨૮મીને શનિવારે મુખ્યમંત્રી રાજકોટ આવી રહ્યા છે. તેઓ રૂ. ૫૪૦ કરોડના ૪૦ કામોનું ખાતમુહુર્ત કરશે. જ્યારે રૂ.૮૮ કરોડના ચાર કામોનું લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી જે કામોનું ખાતમુહુર્ત કરવાના છે. તેમાં વેસ્ટઝોન વિસ્તારના રોડ રસ્તાના રૂ.૧૬૧ કરોડના કામો, આજીડેમ પોલીસ સ્ટેશન પાસે રૂ. ૩૦ કરોડના ખર્ચે ફાયર સ્ટેશન, વોર્ડ નં.૪માં રૂ. ૨૯ કરોડના ખર્ચે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, રૂ. ૨૯ કરોડના ખર્ચે જ્યુબિલી શાક માર્કેટનું નવીનીકરણ, રૂ.૨૯ કરોડના ખર્ચે લક્ષ્મીનગર વિસ્તારમાં શાક માર્કેટ, રૂ. ૧૭ કરોડના ખર્ચે લાલપરી બ્યુટિફિકેશન સહિતના રૂપિયા ૫૪૩ કરોડના ચાલીસ જેટલાં વિકાસકામોના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે.



આ ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે રૂ.૩૩ કરોડના ખર્ચે બનેલા રૈયાધાર એસટીપી, રૂ. ૩૦ કરોડના ખર્ચે ઘંટેશ્વર પાસે બનેલા એસટીપી અને બે પમ્પિંગ સ્ટેશન સહિત કુલ રૂ.૮૮ કરોડના ચાર વિકાસકાર્મોનું લોકાર્પણ કરવામાં આવશે. ચૂંટણી પહેલા રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા દ્વારા કુલ રૂપિયા ૬૩૨ કરોડના વિકાસકામોની ભેંટ શહેરીજનોને મળશે. મુખ્યમંત્રીના આગમનને અનુલક્ષીને મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ ૨૪ સમિતિની રચના કરવામાં આવી છે.

જેમાં કાર્યક્રમ સંદર્ભે ઓવરઓલ સંકલન અને સુપરવિઝનની તેમજ સુચના મુજબની કામગીરીની જવાબદારી નાયબ કમિશનર મહેશભાઈ જાનીને સોંપવામાં આવી છે. આ ઉપરાંત ડાયસ કાર્યક્રમ અમલીકરણ સમિતિ, મંડપ બાંધકામ વ્યવસ્થાપણ સમિતિ, લોકાર્પણ, ખાતમુહુર્ત અને મુવી નિર્દશન સમિતિ, લાભાર્થી સંકલન અને મોબીલાઈઝેશન સમિતિ બસ અને ટ્રાન્સપોર્ટેશન સમિતિ સહિતની ૨૪ સમિતિઓમાં ડે. કમિશનરો, સિટી ઈજનેરો સહિતના અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદારી સુપરત કરવામાં આવી છે.

---

### આરોગ્ય કેન્દ્ર બંધ હોય ત્યારે કોર્પોરેટર પાસેથી દાખલો મેળવવા વૈકલ્પિક રસ્તો મનપાએ આપ્યો

# મરણના દાખલા માટે પૂર્વ કોર્પોરેટરનો અભિપ્રાય માન્ય

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મનપાની ચુંટાયેલ બોડીની મુદત પૂર્ણ થતાં સીનીયર સિટીઝન્સનાં મરણના દાખલાનો પ્રશ્ન ઉભો થયો હતો જેના માટે તંત્ર દ્વારા મહા નગરપાલિકાના તમામ આરોગ્ય કેન્દ્ર ખાતેથી દાખલા મળી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. પરંતુ સાંજે છ વાગ્યા બાદ આરોગ્ય કેન્દ્ર બંધ થઈ જાય ત્યારે ત્યાર પછીના સમયે મરણ થયું હોય તો દાખલો ન મળી શકતા પરિવારજનોએ ફરજિયાત બીજા દિવસે સવારે ૯ વાગ્યા સુધી એટલે કે ૧૫ કલાક મૃતદેહ સાચવવો પડતો હોવાની ફરિયાદો ઉઠી હતી અને ઘટતું કરવા માટે ભાજપના જ કોર્પોરેટરો દ્વારા કમિશનર પાસે રજૂઆત કરવામાં આવી હતી.




જેના પગલે હવે તંત્ર દ્વારા આરોગ્ય કેન્દ્ર સિવાય સાંજે છ પછીના સમય દરમિયાન તમામ વોર્ડના પૂર્વ કોર્પોરેટરનો દાખલો માન્ય રહેશે તે પ્રકારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકામાં શાસકોની મુદ્દત પુર્ણ થતા હાલ રાજકોટ શહેરમાં વહિવટદારની

નિમણુંક કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં ૬૦ વર્ષથી ઉપરની વૃધ્ધ વ્યક્તિનું વૃધ્ધાવસ્થાના કારણે કુદરતી અવસાન થાય ત્યારે વિસ્તારના કોર્પોરેટરના પ્રમાણપત્ર રજુ રાખી નજીકના ફાયરસ્ટેશનમાં મરણ અંગેની નોંધ કરાવવામાં આવે છે.

હાલ શહેરમાં કોર્પોરેટરોની મુદ્દત પુર્ણ થયેલ હોય નવા કોર્પોરેટરોની નિમણુંક ન થાય ત્યાં સુધી શહેરમાં ૬૦ વર્ષથી વધુ ઉમરના વૃધ્ધોના અવસાન વૃધ્ધાવસ્થાના કારણે થાય ત્યારે સવારના ૯ કલાકથી સાંજના ૬ કલાક દરમ્યાન નજીકના આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરનો સંપર્ક કરવાનો રહેશે .જે મૃતકના સગાને મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર આપશે અને આ સમય સિવાય નજીકમાં મેડીકલ પ્રેક્ટીસ કરતા રજીસ્ટર મેડીકલ પ્રેકટીશનર ( રજીસ્ટર ડોક્ટર) નો સંપર્ક કરી તેઓની પાસેથી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આકસ્મિક સંજોગો તેમજ મોડી રાત્રીના જે બનાવો બને છે તે માટે મરણના પ્રમાણપત્ર માટે ગત તારીખ ૧૧ માર્ચના જે કોઈ કોપોરેટરની મુદ્દત પુર્ણ થયેલ હોય તે પુર્વ કોર્પોરેટરોના મરણ અંગેના પ્રમાણપત્રો નજીકના ફાયરસ્ટેશનમાં જોડી અને અંતિમવિધી અંગેની મંજુરી મેળવવાની રહેશે.

---

# એજન્સીઓની રીંગ : ત્રણ મહિનામાં ૧૪થી વધુ રીટેન્ડર

## મનગમતી એજન્સીઓને કામ આપવા અધિકારીઓનો ખેલ ! એજન્સીઓ મહાનગર પાલિકાના કામ 'ઓન' સિવાય કરવા તૈયાર નથી



**અધિકારીઓ અને એજન્સીઓની સાંઠગાંઠને કારણે અનેક ટેન્ડરો બીજી કે પાંચમી વખત પ્રસિધ્ધ કરવા પડ્યાઃ ત્રણેય ઝોનમાં બાગ બગીચાઓની જાળવણી, ડ્રોન દ્વારા પોરાનાશની કામગીરી સહિતના અનેક નાના મોટા કામ અટવાયા**

રાજકોટ , તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે મહાકાય પ્રોજેક્ટથી માંડીને સામાન્ય કામો માટે અવારનવાર ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવે છે. પણ, આવી કામગીરી માટે જુદી જુદી એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા રીંગ બનાવી દેવાતી હોય અને 'ઓન' વગર કામ કરવા માંગતા નહોય તેમ છેલ્લા ત્રણેક મહિનાના સમયગાળામાં જ મહાનગરપાલિકાને ૧૪થી વધુ ટેન્ડરો બીજી કે પાંચમી છઠ્ઠી વખત પ્રસિધ્ધ કરવા પડ્યા છે. આવા ટેન્ડરોમાં ત્રણેય ઝોનમાં બાગ બગીચા, બાલ ક્રિડાંગણ અને સિનિયર સિટીઝન્સ પાર્કની જાળવણીથી માંડીને ડ્રોન મશીન દ્વારા પોરાનાશક કામગીરી સહિતના ટેન્ડરોનો સમાવેશ થાય છે. અધિકારીઓ પોતાની મનગમતી એજન્સીઓને કામ આપી મલાઈ તારવવા માટે પણ એજન્સીઓને રીંગ કરવા માટે વણમાગી સલાહ આપતા હોવાની ચર્ચાએ જોર પકડયું છે .

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે ઓવર બ્રીજ અંડર બ્રીજ જેવા મોટા પ્રોજેક્ટોથી માંડીને પેવિંગ બ્લોક જેવા નાના મોટા કામ માટે અવારનવાર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. પણ, મહાનગરપાલિકાની કામગીરી સંભાળતી મોટાભાગની એજન્સીઓ અને પેટા કોન્ટ્રાક્ટરોની સાંઠગાંઠ અને મહાનગરપાલિકાની તિજોરી પર ભારણ વધારવા એજન્સીઓ દ્વારા 'રીંગ' કરવામાં આવે છે. મહાનગરપાલિકાની ટેન્ડર મુલ્યાંકન કમિટી દ્વારા આવા અનેક કિસ્સાઓમાં ૩૦ ટકાથી વધુ ઓન હોય તેવા ટેન્ડરો પણ કોઇ ને કોઇ કારણોસર મંજૂર કરીને સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી અર્થે દરખાસ્ત મોકલવામાં આવી હોવાનું અને સ્ટેન્ડિંગ કમિટીએ તેના કાર્યકાળ દરમિયાન આવી અનેક શંકાસ્પદ દરખાસ્તો રદ કર્યાની, રીટેન્ડર કરવા કે પેન્ડિંગ રાખવા આદેશ કર્યાના દાખલાં પણ બન્યા છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધા માટે કરવામાં આવતાં નાના મોટા વિકાસકામો માટે અવારનવાર ઈ ટેન્ડર બહાર પાડવામાં આવે છે એક સમયે જો એજન્સીઓ દ્વારા ૧૮ ટકાથી વધુ ઓન સાથે બીડ રજુ થઇ હોય તો તે નામંજૂર કરીને રીટેન્ડર કરવામાં આવતાં હતા. આવી જ રીતે કોઈપણ કામ માટે એક જ એજન્સીનું ટેન્ડર આવે તો રીટેન્ડર કરવામાં આવે છે. પણ, એજન્સીઓ મહાનગરપાલિકાના કામો માટે રીંગ કરીને હવે ૩૦ ટકાથી વધુ ઓન સાથે બીડ રજૂ કરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે મહાનગરપાલિકાની ટેન્ડર રિવ્યુ કમિટીને આ ૩૦ ટકાથી વધુ ઓન પણ 'વ્યાજબી' લાગે છે ! જે કામમાં મલાઇ મળે તેમ નહોય કે ઓછી મલાઇ મળે તેમ હોય તેવા ટેન્ડરોમાં કોઇ એજન્સીઓ બીડ રજૂ કરતી નથી. પરિણામે મહાનગરપાલિકાને છેલ્લા ત્રણ મહિનામાં ૧૪થી વધુ ટેન્ડરો બીજી કે પાંચમી વખત રીટેન્ડર કરવા પડ્યા છે.

આ ટેન્ડરોમાં સેન્ટ્રલ ઝોનના બાગ બગીચાની જાળવણી અને નિભાવણી માટેનું ટેન્ડર બીજી વખત, ઈસ્ટઝોનમાં બાગ બગીચાની જાળવણી અને નિભાવણી માટેનું ટેન્ડર ત્રીજી વખત, અને વેસ્ટઝોનમાં બાગ બગીચાની જાળવણી અને નીભાવણી માટે બીજી વખત ટેન્ડર પ્રસિધ્ધ કરાયું છે.

સેન્ટ્રલ ઝોનમાં મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના કાર્યક્રમોમાં સ્ટેજ સજાવટ, ફૂલ ડેકોરેશન સહિતના પરચૂરણ કામ માટેનું ટેન્ડર પણ ત્રીજી વખત પ્રસિધ્ધ કરાયા છતાં એક પણ એજન્સીએ તેમાં રસ દાખવ્યો નથી. વોર્ડ નં.૧૫માં ૮૦ ફૂટ રોડ પર આવેલા ચંપકભાઇ વોરા પુલની કામગીરી માટેનું ટેન્ડર પણ મહાનગરપાલિકાએ ત્રીજી વખત પ્રસિધ્ધ કરવું પડ્યું છે. જ્યારે આરોગ્ય શાખા હસ્તકના મેલેરિયા વિભાગ દ્વારા ડ્રોનની મદદથી પોરાનાશક કામગીરી કરવા માટે પણ રીટેન્ડર કરવા પડ્યા છે. જ્યુબિલી શાક માર્કેટ પાસે આવેલા ગુમાનસિંહજજી શોપિંગ સેન્ટર પાસે બોક્સ ક્લવર્ટ અને વાલ્મિકી આવાસ યોજનાના કામ માટે રીટેન્ડર કરવામાં આવ્યું છે.

વોર્ડ નં.૩માં રેલનગર વિસ્તારમાં પે એન્ડ યુઝ ટોઇલેટના કામ માટે પણ રીટેન્ડર કરવામાં આવ્યું છે.જ્યારે વોર્ડ નં.૧૪માં કેનાલ રોડ પર મીલપરા મેઇનરોડથી લક્ષ્મીવાડી મેઇનરોડ સુધીના વોંકળાને પાકો કરવા માટેનું ટેન્ડર પાંચમી વખત પ્રસિધ્ધ કરવું પડ્યું છે. તો વોર્ડ નંબર ૧૩માં નાડોદાનગરમાં આંગણવાડી સંબંધિત કામ માટે પણ ચોથી વખત ટેન્ડર પ્રસિધ્ધ કરાયું છે. જ્યારે કોઠારિયા રોડ પર સ્ટ્રોમ વોટર પાઇપલાઇનના કામ માટે પણ રીટેન્ડર કરવું પડ્યું છે.

### મનગમતી એજન્સીઓ ન આવે એટલે રીટેન્ડર ! અધિકારીઓ પદાધિકારીઓની નવી નીતિ !

મહાનગરપાલિકાના કામમાં એક તરફ એજન્સીઓ અને કોન્ટ્રાકટરોની રીંગને કારણે ઓનના પણ ઉંચા ભાવ બોલાય છે. ત્યારે બીજી તરફ અધિકારીઓ અને પદાધિકારીઓની એજન્સીઓ સાથેની સાંઠગાંઠ પણ મહાનગરપાલિકાની તિજોરી પર આર્થિક બોજ નાખવા માટે કારણભૂત માનવામાં આવે છે. ટેન્ડર પ્રક્રિયા થયા બાદ તે મંજૂર કરવા ટેન્ડર મુલ્યાંકન સમિતિને મોકલવામાં આવે છે. આ સામે જો મનગમતી એજન્સીઓએ ટેન્ડર રજુ ન ર્ક્યું હોય કે ટેન્ડર પ્રક્રિયા દરમિયાન ડિસ્ક્વોલિફાઇ થઇ હોય તો યેનકેન પ્રકારે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આવા કામ માટે રીટેન્ડર કરવાનો આદેશ આપવામાં આવે છે. અને રી ટેન્ડરમાં મનગમતી એજન્સી ટેન્ડર રજુ કરે પછી તે મંજૂર કરવામાં આવે છે. આ રીતે અધિકારીઓ અને પદાધિકારીઓની 'માલ પ્રેક્ટિસ' સતત ચાલું રહે છે.